આજનો સુવિચાર

જીવનની સૌથી મુશ્કેલ પળ એ છે કે, જયારે તમને ખબર જ છે કે તમે ખોટા છો તેમ છતાં તમે દલીલ કરવાનું ચાલુ રાખો છો !!

સ્થાપક તંત્રી : સ્વ. કાર્તિક આર. ઉપાધ્યાય
તંત્રી, મુદ્રક, પ્રકાશક, માલિક : અભિજીત કે. ઉપાધ્યાય

Post Regn. G/JND/23
(VALID up to 31-12-2023)
RNI Regn. No. 27509/67

Ph. : (0285) 2621000/ 2651800
E-mail : saurashtrabhoomi@gmail.com
Website : www.saurashtrabhoomi.com

# સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

જૂનાગઢ અને ગાંધીનગરથી પ્રસિધ્ધ થતું ગુજરાત અને સૌરાષ્ટ્ર-કચ્છનું અગ્રીમ અખબાર

વર્ષ : ૪૭ અંક : ૨૫૩ જૂનાગઢ તા.૧૨-૧૦-૨૦૨૩ ગુરૂવાર પાના : ૮ કિંમત ૧-૫૦ રૂા. ● પ્રકાશન સ્થાન : સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક કાર્યાલય, જેઈલ રોડ, જૂનાગઢ. ગુજરાત ● મુદ્રણ સ્થાન : સોમનાથ પ્રિન્ટર્સ, જેઈલ રોડ, જૂનાગઢ, ગુજરાત (ઈન્ડીયા)

Saurashtra Bhoomi (Daily) Year : 47 Volume : 253, Junagadh : Date : 12 October, 2023, Thursday, Pages 8 Price Rs.1.50 • Published from Saurashtra Bhoomi Karyalaya, Jail Road, Junagadh, GUJARAT, India. • Printed at : Somnath Printers, Jail Road, Junagadh, Gujarat, India. Editor Abhijeet K. Upadhyay


# બિહારમાં નોર્થ ઈસ્ટ એક્સપ્રેસ ટ્રેન પાટા પરથી ઉથલી પડી : ૪નાં મોત : ૧૦૦ ઘાયલ

પટના તા. ૧૨

બિહારમાં દિલ્હી-હાવડા રેલ માર્ગપર ટ્રેન નં. ૧૨૫૦૬ નોર્થ ઈસ્ટ એક્સપ્રેસ પાટા પરથી ઉતરી ગઈ હતી. ટ્રેનની તમામ બોગી પાટા પરથી ઉથલી પડી હતી. અને બે જનરલ બોગી પલટી ગઈ હતી. આ અકસ્માતમાં ૪ મુસાફરોનાં મોત થયા છે. અત્યાર સુધીમાં ૧૦૦થી વધુ ઘાયલોને બહાર કાઢીને હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. તેમાંથી ઘણા ગંભીર રીતે ઘાયલ છે. અકસ્માત સમયે ટ્રેનની ઝડપ ૧૨૦ કિલોમીટર પ્રતિ કલાક હતી. આ અકસ્માત ગતરાત્રે ૯.૩૫ કલાકે બક્સર-આરા વચ્ચેના રઘુનાથપુર સ્ટેશન પાસે થયો હતો. ટ્રેન દિલ્હીથી ગુવાહાટી જઈ રહી હતી. અકસ્માત બાદ ઘણી જગ્યાએ ટ્રેનો અટકાવી દેવામાં આવી હતી તેમને ગયા માર્ગેથી રવાના કરાઈ હતી. પટના, અરાહ, બક્સરની રેલ્વે બચાવ ટીમો બક્સર અને અરાહ જિલ્લાના અધિકારીઓ સાથે ઘટનાસ્થળે પહોંચી ગઈ છે. બક્સરના ડીએમ અંશુલ અગ્રવાલના જણાવ્યા અનુસાર, અત્યાર સુધીમાં ૮૦થી ૧૦૦ ઘાયલ મુસાફરોને હોસ્પિટલમાં મોકલવામાં આવ્યા છે. ૧૫ થી ૨૦ લોકો ગંભીર રીતે ઘાયલ છે, જેમને પટના એઈમ્સ મોકલવામાં આવ્યા છે. એનડીઆરએફ અને એસડીઆરએફની ટીમોને બોલાવવામાં આવી છે. ગ્રામજનોની મદદથી બચાવ કામગીરી શરૂ કરવામાં આવી છે. શરૂઆતમાં અંધારાના કારણે બચાવમાં ઘણી મુશ્કેલી પડી હતી. કોચમાં ફસાયેલા લોકોને ટોર્ચલાઈટ દ્વારા બચાવી લેવામાં આવ્યા હતા.





# ગાઝામાં ઈઝરાયેલનાં હવાઈ હુમલાથી ૧૦૦૦નાં મોત : સાર્વત્રીક વિનાશ
## વિજળી, ખોરાક, બળતણ, પાણી સહિત તમામ પુરવઠો બંધ



ગાઝા પટ્ટી, તા.૧૨ઃ ગાઝાના એકમાત્ર પાવર સ્ટેશનમાં બળતણ સમાપ્ત થયા પછી પાવર આઉટેજનો સામનો કરવો પડયો છે. શનિવારના રોજ હમાસના હુમલા પછી, ઈઝરાયેલે ગાઝાની ઘેરાબંધી કરી છે. બીબીસીનાં અહેવાલો મુજબ વીજળી, ઈંધણ, ખોરાક, સામાન અને પાણીના પુરવઠામાં કાપ મુકવામાં આવ્યો છે. આનો અર્થ એ થયો કે ગાઝામાં લોકો વીજળી માટે જનરેટર પર આધાર રાખશે, જો તેમની પાસે જનરેટર ચલાવવા માટે બળતણ હશે. આ સપ્તાહની શરૂઆતમાં ઈઝરાયેલે ગાઝા પટ્ટીમાં વીજળી, ઈંધણ અને પાણીનો પુરવઠો બંધ કરવાની જાહેરાત કરી હતી. ઈઝરાયેલની સેનાનું કહેવું છે કે ગાઝા પાસે તેમને આપવામાં આવેલા મિશનને પાર પાડવા માટે લાખો સૈનિકો તૈયાર છે.

સીએનએન સાથે વાત કરતા ગાઝા પાવર ઓથોરિટીના વડા ગલાલ ઈસ્માઈલે કહ્યું કે ગાઝા હાલમાં વીજળી વિના છે. તેમણે કહ્યું કે ગાઝામાં લોકો હજુ પણ વીજળી માટે પાવર જનરેટરનો ઉપયોગ કરે છે. પરંતુ સરહદની ચારે બાજુ નાકાબંધીને કારણે જનરેટર કામ કરવા માટે જરૂરી બળતણ ખતમ થઈ રહ્યા છે. ઈઝરાયલી સરકારે હમાસના ઈઝરાયેલ પર અચાનક હુમલાના જવાબમાં પેલેસ્ટીનિયન પ્રદેશની સંપૂર્ણ ઘેરાબંધી લાદવાની વાત કરી હતી તેના બે દિવસ બાદ પાવર પ્લાન્ટ બંધ કરવામાં આવ્યો છે. આનાથી વીજળી, ખોરાક, બળતણ અને પાણીની એક્સેસ બંધ થઈ જશે.

દેશની બીજી બાજુ, હિઝબુલ્લાહના હુમલાના જવાબમાં ઈઝરાયેલે લેબનીઝ પ્રદેશ પર હુમલો કર્યો છે. બીબીસીના અહેવાલ મુજબ, શનિવારે હમાસના હુમલા બાદ ૧૭ બ્રિટિશ નાગરિકોના મળત્યુ અથવા ગુમ થયાની આશંકા છે. દરમિયાન, ઈજિપ્તના ટોચના રાજદ્વારી સમેહ શૌકરીએ બુધવારે પેલેસ્ટિનિયન શરણાર્થીઓ માટે યુએન એજન્સીના વડા સાથે ગાઝામાં નાગરિકોને કેવી રીતે મદદ કરવી તે વિશે વાત કરી. બીબીસીના અહેવાલ મુજબ, હમાસના હુમલાને કારણે ઈઝરાયેલમાં મૃત્યુઆંક ૧,૨૦૦ પર પહોંચી ગયો છે. જ્યારે ગાઝા પર ઈઝરાયેલના હવાઈ હુમલામાં ૧૦૦૦થી વધુ લોકો માર્યા ગયા છે.

# વડાપ્રધાન મોદીએ ચીન બોર્ડર નજીક આવેલ જોગેશ્વર ધામથી કૈલાસ દર્શન કર્યા



પિથોરાગઢ તા.૧૨

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સવારે ઉત્તરાખંડના પિથોરાગઢમાં કૈલાસ વ્યુ પોઈન્ટથી આદિ કૈલાસના દર્શન કર્યા હતા. આ વ્યુ પોઈન્ટ જોલિંગકોંગ વિસ્તારમાં છે જ્યાંથી કૈલાસ પર્વત સ્પષ્ટ દેખાય છે. આ માટે ચીનના કબજા હેઠળના તિબેટ જવાની જરૂર રહેશે નહીં.

આ સાથે વડાપ્રધાને પાર્વતી કૂંડમાં પૂજા અર્ચના કરી હતી. ચીનની સરહદ અહીંથી માત્ર ૨૦ કિલોમીટર દૂરથી શરૂ થાય છે. નરેન્દ્ર મોદી દેશના પહેલા પીએમ છે, જેમણે ઉત્તરાખંડમાં ભારત-ચીન બોર્ડર પર આદિ કૈલાશ પર્વતની મુલાકાત લીધી હતી.

ઉત્તરાખંડના ધારચુલાથી ૭૦ કિમી દૂર અને ૧૪૦૦૦ ફૂટ ઉપર આવેલું એક નાનકડું નિર્જન ગામ ગુંજી આગામી બે વર્ષમાં એક મોટા ધાર્મિક શહેર શિવધામ તરીકે વિકસિત થશે.

ધારચુલા પછી, કૈલાસ વ્યુ પોઈન્ટ, ઓમ પર્વત અને આદિ કૈલાસના દર્શન કરવા આવતા શ્રદ્ધાળુઓ માટે આ સૌથી મોટો અને મહત્વપૂર્ણ સ્ટોપ હશે. અહીંયા મોટા યાત્રી આવાસ અને હોટલ બનાવવામાં આવશે. ભારતીય ટેલિકોમ કંપનીઓનું નેટવર્ક પણ ઉપલબ્ધ થશે. ગામમાં હોમ સ્ટે વધારવામાં આવશે.

ગુંજી વ્યાસ ખીણમાં સુરક્ષિત જમીન પર આવેલું છે, જ્યાં ન તો ભૂસ્ખલનનો ભય છે કે ન તો પૂરનો. હાલમાં અહીં માત્ર ૨૦ થી ૨૫ પરિવારો જ રહે છે, જેઓ ભાગ્યે જ પોતાનો ખર્ચ ઉઠાવી શકે છે. પિથોરાગઢના કલેકટર રીના જોશીના જણાવ્યા અનુસાર, નાભિધંગ, ઓમ પર્વત અને કૈલાસ વ્યુ પોઈન્ટનો રસ્તો ગુંજીની જમણી બાજુથી જાય છે, જ્યારે આદિ કૈલાસ અને જોલીકોંગનો રસ્તો ડાબી બાજુથી જાય છે. તેથી આ ગામ કૈલાસ યાત્રીઓની સુવિધા માટે યોગ્ય છે.

# ૨૦૨૬માં ભારત વિશ્વની ત્રીજા નંબરની અર્થવ્યવસ્થા બની જશે

નવી દિલ્હી તા. ૧૨

વિશ્વભરમાં મંદીની ધીમી અસર છે તો બીજી તરફ યુદ્ધના કારણે અમેરિકી સહિતના દેશોમાં ફુગાવાની પણ ચિંતા છે અને ચીનનું અર્થતંત્ર પણ નબળુ પડયું છે તે વચ્ચે વિશ્વનાં વિકાસશીલ દેશોમાં ભારત જ એક જ એવો દેશ છે. જેણે આ તમામ વૈશ્વિક પરિબળો છતા પણ તેની વિકાસદરની દૌટ જાળવી રાખી છે તથા વિશ્વમાં હાલ સૌથી ઝડપથી વિકાસ દર ભારત ધરાવે છે તે વચ્ચે આંતરરાષ્ટ્રીય નાણાભંડોળનો એક અહેવાલ ભારતના આગામી સમયના આર્થિક વિકાસનું ચિત્ર દોરવામાં આવ્યું છે જેમાં ૨૦૨૮ સુધીમાં ભારત સહિત વિશ્વના દેશોના આર્થિક વિકાસના આંકડાઓ રજુ થયા છે. ભારત હાલ પરચેઝીંગ પાવર એટલે કે લોકોની ખરીદ શક્તિના ધોરણે તો વિશ્વના ત્રીજા નંબરનું અર્થતંત્ર છે અને અમેરિકી ડોલરની દ્રષ્ટિએ તે વિશ્વની પાંચમા નંબરનું સૌથી મોટુ અર્થતંત્ર છે પણ વર્લ્ડ ઈકોનોમી ફોરમના રિપોર્ટ મુજબ ભારત વિશ્વની ત્રીજા નંબરની સૌથી મોટી ઈકોનોમી બને તેમાં હવે વધુ વાર લાગશે નહી. ૨૦૨૬ અને ૨૦૨૭ એમ બે વર્ષ ભારતના અર્થતંત્રની દ્રષ્ટિએ સૌથી મહત્વતા બની રહેશે. આઈએમએફના અંદાજ મુજબ ૨૦૨૬માં ભારતની જીડીપી અથવા તો કહો કે અર્થતંત્રનું કદ ૪.૯૫ લાખ કરોડ ડોલર હશે અને તે જાપાનના ૪.૭૧ લાખ કરોડ ડોલરને પણ પાછળ રાખી દેશે તો પછીના એક જ વર્ષમાં ભારત જર્મનીને પણ પાછળ રાખી દેશે અને દેશની જીડીપી ૫.૪૩ લાખ કરોડ ડોલર બની જશે.


# સાવરકુંડલા નજીક બાઢડા ખાતે ગતરાત્રે ટ્રેન નીચે કપાઈ જવાથી ૨૪ ગાયોનાં મોત

સાવરકુંડલા તા. ૧૨

અમરેલી જિલ્લામાં રેલવે ટ્રેક પર અકસ્માતની ઘટનાઓ સતત વધી રહી છે. ટ્રેનની અડફેટે સિંહો આવી જતા મોત થયાની ઘટના હજુ તાજી છે ત્યા હવે ટ્રેનની અડફેટે ૨૪ જેટલી ગાયો આવી ગઈ હતી. જેથી તમામના મોત થયા છે. જેને પગલે રેલવે વિભાગના અધિકારીઓ, કર્મચારીઓમાં દોડધામ મચી ગઈ છે. સાવરકુંડલા તાલુકાના બાઢડા ગામ પાસે રેલવે ફાટક નજીક રેલવે ટ્રેક પર મોટી સંખ્યામાં પશુઓ આવી ચડ્યા હતા. સામેથી મહુવા-સુરત પેસેન્જર ટ્રેનમાં પશુઓ કચડાઈ ગયા હતા. જેથી ૨૪ જેટલી ગાયોના મોત થયા છે. ટ્રેનની અડફેટે ગાયો આવી જતા અકસ્માતની ઘટના બની હતી. જેને પગલે ટ્રેનમાં સવાર મુસાફરોમાં પણ ભારે અફરા તફરી મચી હતી.

સાવરકુંડલાના બાઢડા નજીક ગતરાત્રે રેલવે ટ્રેનની નીચે ૨૪ ગાયો કચડાઈ જતા અરેરાટી મચી હતી. ઘટનાને લઈ થોડીવાર માટે ફાટક પણ બંધ કરી દેવાયુ હતું. તેમજ ટ્રેનને ૨૫ મિનિટ સુધી ઉભી રાખવાની ફરજ પડી હતી. અકસ્માતમાં ૨૪ ગાયોના કમકમાટી ભર્યા મોત થયા હતા. ઘટનાને લઈ સાવરકુંડલાના ધારાસભ્ય મહેશ કસવાળાને સ્થાનિકોએ જાણ કરતા તાત્કાલિક પોલીસ, નગરપાલિકાની ટીમને જાણ કરી ડી.વાય.એસ.પી.હરેશ વોરા, સાવરકુંડલા નગરપાલિકા પ્રમુખ, સદભાવના સેવાભાવી ગ્રુપ, ગૌપ્રેમી અને જીવદયાપ્રેમીઓ સહિતનાઓ ઘટના સ્થળે દોડી ગયા હતા. નગરપાલિકાની ટીમ દ્વારા તમામ પશુના મૃતદેહને રેલવે ટ્રેક પરથી હટાવી મૃતદેહોને પાલિકાના વાહનોમાં ખસેડવામાં આવ્યાં હતા.

# આનંદો... હવે દિવ નજીક લાયન સફારી પાર્ક આકાર લેશે



અમદાવાદ તા.૧૨

હવે તમે દીવની મુલાકાત વખતે સિંહોની ગર્જના સાંભળી શકાશે. ગુજરાત વન વિભાગ ગુજરાત-દીવ બોર્ડર પર આંબરડી અને દેવલિયા સફારી પાર્કની જેમ લાયન સફારી પાર્કની સ્થાપના કરી રહ્યું છે. રાજ્યના વન વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે સરકારે ઉદ્યાનની ડિઝાઈન માટે આર્કિટેક્ટની નિમણૂક કરી છે. અધિકારીએ જણાવ્યું હતું કે, 'આ ઉદ્યાન માત્ર દીવના મુલાકાતીઓ માટે જ નહીં, પણ કોસ્ટલ હાઈવે લેનારાઓ માટે પણ એક મુખ્ય આકર્ષણ બનશે.'

અધિકારીએ કહ્યું કે આ પાર્કમાં પ્રાણીસંગ્રહાલયમાં ઉછરેલા સિંહોને રાખવામાં આવશે. દીવ અને તુલશીશ્યામની મુલાકાત લેનારાઓ માટે ધારી નજીકના આંબરડી સફારી પાર્કનું આયોજન કરવામાં આવ્યું હતું. પરંતુ પાછળથી જણાયું હતું કે ઘણા મુલાકાતીઓએ કોસ્ટલ હાઈવે માર્ગને દીવ તરફ જવાનું પસંદ કર્યું હતું, તેમણે જણાવ્યું હતું.

અધિકારીએ કહ્યું કે સફારી પાર્કમાં બે જોડી સિંહ, ચાર બચ્ચા અને અનગ્યુલેટ્સ હશે જેથી તેને સાસણ ગીર જેવો અનુભવ થાય. તેમણે જણાવ્યું હતું કે વિભાગને પાર્ક માટે જમીન સંપાદિત કરવાની જરૂર નથી કારણ કે દીવથી માત્ર ૭.૭ કિમી દૂર વિસ્તારમાં પહેલેથી જ જંગલની જમીન છે. અધિકારીઓએ કહ્યું કે તેઓ અહીં બસ અને જીપ બંને સફારી શરૂ કરવાની યોજના ધરાવે છે.

# ઈઝરાયેલમાં ફસાયેલા ભારતીયોને એરલિફ્ટ કરાશે

નવી દિલ્હી તા.૧૨ : ઈઝરાયેલ અને ફિલીસ્તાની ચરમપંથી હમાસ વચ્ચે હજુ પણ જંગ ચાલુ છે. ત્યારે ભારતે ઈઝરાયેલમાં રહેતા ભારતીયોની દેશ વાપસી માટે ઓપરેશન અજયની જાહેરાત કરી છે. વિદેશમંત્રી એસ.જયશંકરે સોશ્યલ મીડીયા એકસ (ભૂતપૂર્વ ટવીટર) પર લખ્યું ઈઝરાયેલથી ભારત આવવા ઈચ્છુક લોકો માટે ઓપરેશન અજય અંતર્ગત સ્પેશ્યલ ચાર્ટર ફલાઈટ અને અન્ય પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે.

# ભેસાણમાં ભાણેજોએ સગા મામાની હત્યા કરી લાશને પાણીમાં ફેંકી દીધી

જૂનાગઢ તા. ૧૨

જૂનાગઢ જીલ્લાનાં ભેસાણ ખાતે બનેલી એક ઘટનામાં ભાણેજોએ સગા મામાની કરપીણ હત્યા કરવાનો બનાવ બનવા પામેલ છે. આ બનાવમાં અગાઉ એડી દાખલ થઈ હતી પરંતુ ત્યારબાદ પોલીસ તપાસમાં હત્યા થઈ હોવાનું બહાર આવ્યું છે. આ બનાવની પ્રાપ્ત વિગત મુજબ ભેસાણ ખાતે રહેતા જમાલભાઈ કાળુભાઈ બગડા (ઉ.વ.૩૦)ની ભેસાણ નજીક રફાળીયા રોડ ઉપર આવેલ ડેમ સાઈટ ખાતેથી પાણીમાં તરતી લાશ મળી આવી હતી. પોલીસે લાશનો કબ્જો લઈ એડી દાખલ કરી હતી પરંતુ ત્યારબાદ મરણ જનારની પત્ની નસીમાબેન જમાલભાઈ બગડાએ ભેસાણ પોલીસમાં એવા મતલબની ફરીયાદ નોંધાવી છે કે, આ કામનાં આરોપીઓ અને મરણ જનારનાં સગા ભાણેજ અફઝલ ઈબાલભાઈ ઓઠા અને શબીર ઈકબાલભાઈ ઓઠાએ ફરીયાદીનાં પતિ જમાલભાઈની હત્યા કરીને લાશને પાણીમાં ફેંકી દીધી હતી. પોલીસે આ અંગે આઈપીસી ૩૦૨ મુજબ હત્યાનો ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. ફરાર આરોપીઓને ઝડપી લેવા માટે પોલીસે ચક્રો ગતીમાન કર્યા છે.


PLOT FOR URGENT SALE
Best Plot
For Banglow or Flats
જૂનાગઢ, લક્ષ્મીનગરમાં ૩૦૦+ વારનો પ્લોટ
દલાલો આવકાર્ય
કસમાં વેચવાનો છે
મો. ૮૧૬૦૪ ૬૮૧૯૨



ધોરણ-૧૦-૧૨ પાસ/નાપાસ તેમજ અન્ય યુવાનો માટે સુવર્ણ તક
NIT® ટેકનીકલ કોલેજ
સર્ટીફીકેટ કોર્ષ
● ૧૦૦% પ્રેકટીકલ
● સરળ ભાષામાં થિયરી
● હોસ્ટેલ સુવિધા
● બસસ્ટેન્ડથી નજીક
● રેલ્વે સ્ટેશનથી નજીક
● ફ્રી ડેમો ટ્રાયલ
⇨ કોમ્પ્યુટર હાર્ડવેર, નેટવર્કીંગ, મધરબોર્ડ, લેપટોપ રીપેરીંગ શીખો
⇨ LED, LCD TV રીપેરીંગ, CCTV કેમેરા ફીટીંગ તથા રીપેરીંગ શીખો
Mo.: 95861 11213 / 90811 52535
સંકલ્પ કોમ્પલેક્ષ, ત્રીજા માળે, બસસ્ટેન્ડ પાસે, જૂનાગઢ
Web : www.nitjnd.com



તમામ પ્રકારનાં હઠીલા રોગોની આર્યુવેદીક પધ્ધતિથી સારવાર માટે નિષ્ણાંત
(કેન્સરનાં દર્દીઓ અવશ્ય સંપર્ક કરે)
ડૉ. ધવલ સંઘવી
ઈમ્યુનિટા લ્યો.. સંક્રમણથી બચો
બી.એ.એમ.એસ. (B.V.P.U.), Pune
સૌરાષ્ટ્રમાં સૌ પ્રથમ જૂનાગઢ ખાતે નાડી પરીક્ષણથી નિદાન તેમજ અપાતી સારવાર
એપોઈન્ટમેન્ટ :- જૂનાગઢ. મો.: ૯૩૨૮ ૫૫૪૩૪૩
તમામ પ્રકારનાં રોગોની આયુર્વેદિક પધ્ધતિથી સારવાર કરવાનાં નિષ્ણાંત
વર્તમાનમાં કોરોનાથી બચવા અને સંક્રમણને અટકાવવા તેમજ રોગપ્રતિકારક શકિત વધારવા માટે ઈમ્યુનિટાનું નિયમિત સેવન કરો અને સ્વસ્થ રહો.... દવા એક ફાયદા અનેક
દરેક જગ્યાએ ઉપલબ્ધ
કલીનીક : ઝાંઝરડા બાયપાસ ચોકડી, ત્રીજો માળ, ૯ સ્કવેર બિલ્ડીંગ, કે.જે. હોસ્પીટલ પાસે, જૂનાગઢ
સમય : સવારે ૧૦ થી ૨ સાંજે : ૫ થી ૭.૩૦ સુધી
અગાઉથી એપોઈન્ટમેન્ટ લેવી...



HOPE
DIABETES CLINIC AND RESEARCH CENTRE
ડો. દિપક ચુડાસમા
MBBS, PGDM, PhD Scholar
કન્સલટન્ટ ડાયાબીટોલોજીસ્ટ
ડાયાબીટીસ કલીનીક
ડો. નિશિતા ચુડાસમા
BPT, MPT ortho, PhD Scholar
કન્સલટન્ટ ફીઝીયોથેરાપીસ્ટ
હોસ્પિટલમાં ઉપલબ્ધ સારવાર.
✓ ડાયાબિટીસની સંપૂર્ણ સારવાર.
✓ ડાયાબિટીસમાં થતાં આંખ, કિડની અને હૃદયના દર્દના નિષ્ણાંત.
✓ ડાયાબિટીસથી થતા હાથ-પગના દુઃખાવાના નિષ્ણાંત.
✓ ડાયાબિટીસ સાથે બ્લડ પ્રેશર, કોલેસ્ટેરોલ અને થાઈરોઈડની સારવાર.
ફિઝીયોથેરાપીસ્ટ ફેસેલીટીઝ...
● પગ મચકોડાઈ જવો ● ફ્રેકચર ● ગરદનનો દુઃખાવો ● લકવો
● કમરનો દુઃખાવો ● સાંધાનો ઘસારો ● ફ્રોઝન શોલ્ડર
● ચેતાતંતુને લગતી તકલીફ ● પોસ્ટ ઓપ T.K.R., T.H.R.
● સ્નાયુનો દુઃખાવો ● રમતમાં થતી ઈજા
રજીસ્ટ્રેશન નંબર ૭૦૪૬ ૨૨ ૦૦ ૪૪
બીજો માળ, એપલવુડ, વિશાલા હોટલ પાસે, બસ સ્ટેશનનાં બીજા ગેઈટ સામે, જૂનાગઢ
હોસ્પીટલ દ્વારા દર મહિનાનાં બીજા રવિવારે રાહત દરે ડાયાબીટીસ પ્રોફાઈલ - ફુલ બોડી ચેકઅપ કેમ્પનું આયોજન કરે છે. જેમાં કુલ ૩૦૦૦નાં રીપોર્ટ માત્ર ૮૦૦માં કરી દેવામાં આવે છે
કેમ્પ સમય સવારે ૮.૩૦ થી ૧૧.૩૦

# ગરવા ગિરનાર ખાતે બોડી વોર્ન કેમેરા, વાયરલેસથી સજ્જ પોલીસનો બંદોબસ્ત

(પ્રતિનિધિ દ્વારા)

જૂનાગઢ તા.૧૨

ગિરનાર પર્વત ઉપર આવેલી ૫મી ટૂંક પરની ચરણ પાદુકાને લઈને થોડા દિવસ પહેલા સનાતની સાધુઓ અને દિગંબર જૈનો વચ્ચે માથાકૂટ થઈ હતી. ત્યારે તો પોલીસે મામલો શાંત પાડ્યો હતો. પરંતુ હવે ફરી આવી ઘટના ન બને તે માટે રેન્જ આઈજી નિલેશ જાજડીયા, એસપી હર્ષદ મહેતાની સૂચના અને ડિવાયએસપી હિતેષ ધાંધલ્યાના માર્ગદર્શનમાં ગિરનાર ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવાયો છે. અહિં દિવસના ૧૦ અને રાત્રિના ૧૦ મળી કુલ ૨૦ જેટલા પોલીસ કર્મીઓ દ્વારા રાઉન્ડ ધ ક્લોક બંદોબસ્ત રખાયો છે. બોડી વોર્ન કેમેરા, વાયરલેસ સેટ સાથે સજ્જ પોલીસ સ્ટાફ



કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતી જળવાઈ રહે તે માટે ચાંપતી નજર રાખી રહ્યા છે તેમ ભવનાથ પીએસઆઈ એન.વી. આંબલીયાએ જણાવ્યું છે.

# રાજકોટ કેન્સર સોસાયટી દ્વારા બ્રેસ્ટ કેન્સરની જન જાગૃતી અર્થે રેલી યોજાય

(પંકજ ઝીબા દ્વારા)

રાજકોટ તા.૧૨

ઓકટોબર માસ એટલે "સ્તન કેન્સર જાગૃતી માસ" જેના સંદર્ભમાં રાજકોટ કેન્સર સોસાયટી (નાથાલાલ પારેખ કેન્સર ઈન્સ્ટીટયુટ) દ્વારા સ્તન કેન્સરની જન જાગૃતી અર્થે એક રેલીનુ આયોજન કરવામાં આવેલ હતુ.આ રેલી તારીખ ૧૦ઓકટોબર ૨૦૨૩ ના રોજ નાથાલાલ પારેખ કેન્સર હોસ્પિટલ(જુની) કિશાનપરા ચોકથી સાંજે ૬ કલાકે રાજકોટના જાણીતા તબીબ ડો.નીલા મોહિલે અને શ્રીમતી સલોની સંઘવી દ્વારા ફલેગ હોસ્ટીંગ કરી રેલીની શરૂઆત કરવામાં આવેલ હતી.રાજકોટ મહાનગર પાલિકાના મેયર નયનાબેન પેઢડીયાએ સંદેશ આપેલ છે કે ૪૦ વર્ષથી ઉપરની મહિલાઓએ સ્તન કેન્સર અંગે તપાસ અને જરૂરી રિપોર્ટસ નિયમીત કરાવવા જોઈએ. જેથી સમયસર સારવાર મેળવી શકાય. હોસ્પિટલના મેડીકલ ઓક્રોલોજીસ્ટ ડો.અદિતિ થાનકીએ તેમના ઉદબોધનમાં જણાવેલ કે જો સ્તન કેન્સરનુ વહેલ નિદાન થઈ જાય તો સારવારમાં સારા પરિણામો મેળવી શકાય છે.ઓકટોબર મહિનાને વિશ્વસ્તરે સ્તન કેન્સર જાગૃતી માસ" તરીકે ઉજવવામાં આવે છે,જેથી આ કેન્સર માટે જવાબદાર પરિબળો વિશે જન જાગૃતી કેળવીને તેને થતું અટકાવી શકાય તેમજ શરૂઆતના સ્ટેજમાં નિદાનની "સ્ક્રીનીંગ" પધ્ધતીઓના બહોળા પ્રચારથી તેને વહેલી સારવાર આપી દર્દીને જળમુળમાંથી કેન્સરમુકત કરી શકાય છે. આ રેલીમાં સ્તન કેન્સર સામેની લડાઈ લડી રહેલા



લડવૈયા સમાન દર્દીઓ પણ ઉત્કૃષ્ટ ઉદાહરણ પુરૂ પાડવા અને એ સંદેશો આપવા આવ્યા હતા કે નિયમીત સારવાર અને તબીબની સલાહ અનુસાર જો વર્તવામાં આવે તો કેન્સર સામેની લડાઈ જીતી શકાય છે.કેન્સરથી ગભરાવુ નહી પરંતુ સમયસર સારવાર કરાવવી તેનુ અમે ઉહાદરણ છીએ.આ રેલીનુ સુંદર આયોજન રાજકોટ કેન્સર સોસાયટીની ટીમ અને તેના મેડીકલ ડાયરેકટર ડો.ખ્યાતી વસાવડા દ્વારા કરવામાં આવેલ હતુ.આ રેલીમાં જાહેર જનતા દ્વારા સારો પ્રતિભાવ મળેલ હતો તથા રેલીમાં હોસ્પિટલના ડોકટરો,નર્સો,ઓફીસ સ્ટાફ અને શહેરીજનો જોડાયા હતા.કાર્યક્રમના અંતમાં રાજકોટ કેન્સર સોસાયટીના મેડીકલ ડાયરેકટર ડો.ખ્યાતી વસાવડાએ રેલીમાં જોડાવા બદલ સૌનો આભાર માનેલ હતો.

# ખંભાળિયા ગ્રામ્ય વિસ્તારમાં હરિયાળી ક્રાંતિ માટે ભાડથરી ડેમમાં નર્મદાના નીર છોડવા માટે રજૂઆત

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૨

ખંભાળિયા તાલુકાના સંલગ્ન ૮૫ જેટલા ગામડાઓમાં મહદ અંશે ખેત વ્યવસાયને પ્રાધાન્ય છે. અહીંનો ખેડૂત જો વધુ સમૃદ્ધ બને તો ખંભાળિયા સહિત જિલ્લાનો વિકાસ ઉડીને આંખે વળગે. ત્યારે ખંભાળિયા તાલુકાના આશરે ૨૦ થી ૨૫ જેટલા ગામોમાં સિંચાઈ, ખેતીને લાભ મળે તે માટે ખંભાળિયાના ભાડથરી ડેમમાં નર્મદાનું પાણી છોડવા માટે અહીંના જાણીતા શિક્ષણવિદ તથા તબીબ અને મહિલા આગેવાન દ્વારા સિંચાઈ મંત્રી તેમજ કેબિનેટ મંત્રીને પત્ર દ્વારા રજૂઆત કરવામાં આવી છે. રાજ્યની જીવા દેવી એવી નર્મદા નદીના નિર ખંભાળિયાના ઘી ડેમ સુધી પહોંચી ગયા છે. ત્યારે ખંભાળિયા તાલુકામાં આવેલા ભાડથરી ડેમના પાણી તાલુકાના અનેક ગામો સુધી પહોંચે છે. હાલ તાલુકાના લલીયા ગામ પાસેથી વિંજલપર ગામ સુધી નર્મદા નદીનું પાણી આવે છે. લલીયા ગામેથી જો ભીંડા ગામ સુધી પાઈપલાઈન દ્વારા નર્મદાનું પાણી પહોંચાડવામાં આવે અને ત્યાંથી ભાડથર વાળી નદીમાં આ પાણી છોડવામાં આવે તો આ પાણી ભાડથરી ડેમમાં થઈ અને જિલ્લાના સૌથી મોટા એવા સાની ડેમ સુધી પહોંચી શકે.

# વેરાવળ ખાતે આહીર સમાજ દ્વારા નવરાત્રી મહોત્સવ તા.૧૫ થી ૨૩ સુધી યોજાશે ભવ્ય નવરાત્રી રાસોત્સવ

**નવ દિવસમાં આદ્યશક્તિની આરાધના સાથે ગરબે ઘુમસે આહીર સમાજના ખેલૈયાઓ : નવરાત્રી સમિતિ દ્વારા વેરાવળ આહીર સમાજની વાડીના વિશાળ પ્રાંગણમાં ભવ્ય આયોજન**

(રાકેશ પરડવા દ્વારા)

વેરાવળ તા.૧૨

નવરાત્રી આવે એટલે સમગ્ર વાતાવરણ આસ્થા અને શ્રધ્ધાના રંગમાં રંગાય જાય છે. ચારે તરફ એક અનોખો ભક્તિભાવ જોવા મળે છે. આપણી સંસ્કૃતિમાં નવરાત્રિના તહેવારનું એક વિશેષ મહત્ત્વ છે. નવરાત્રિમાં ઈશ્વર પ્રત્યેની ભક્તિ અને અધ્યાત્મનો સંગમ થતો જોવા મળે છે. આસો મહિનામાં આવતી આ નવરાત્રિમાં નવ દિવસ ગરબા અને રાસ રચાય છે. નવલા નોરતા આવતાની સાથે જ રાસ ગરબા રસીકોમાં અનેરો થનગનાટ પણ જોવા મળે છે ત્યારે વેરાવળ ખાતે આહિર સમાજ દ્વારા ભવ્ય નવરાત્રી મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું છે. વેરાવળ પાટણ શહેર અને તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં વસતા આહિર સમાજના પરિવારો માટે વેરાવળ બાયપાસ ઉપર આહિર સમાજની વાડીના વિશાળ ગ્રાઉન્ડ ઉપર તા.૧૫ થી ૨૩ સુધી નવરાત્રી રાસોત્સવ યોજાશે. આહિર સમાજના ભવ્ય રાસોત્સવમાં પરંપરાગત પહેરવેશ સાથે સમુદાયના ભાઈઓ-બહેનો માં આદ્યશક્તિની આરાધનામાં લીન બનશે. આહિર સમાજ નવરાત્રી સમિતિના યુવાનો દ્વારા છેલ્લા દોઢેક માસથી રાસોત્સવની



તડામાર તૈયારીઓમાં લાગી ગયા હતા. રસ ગરબાની રમઝટ માટે વિશાળ ગાઉન્ડ તૈયાર કરાયું છે. તો સુચારૂ બેઠક વ્યવસ્થા પણ કરવામાં આવી છે. રોશનીના ઝગમગાટ વચ્ચે નામાંકિત કલાકારો અને ઓરકેસ્ટ્રાની સંગાથે રાસ રસીકો ઝૂમી ઊઠશે. ત્યારે આહિર સમાજના ભવ્ય નવરાત્રી મહોત્સવ રાસોત્સવ ૨૦૨૩માં વેરાવળ શહેર અને ગ્રામ્ય વિસ્તારમાં વસતા આહિર સમાજના પરિવારોને ઉલ્લાસભેર જોડાવા આહિર સમાજ દ્વારા ભાવભર્યું આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# કેશોદ તાલુકામાં ગ્રામ પંચાયતોની બાકી રહેલી ચુંટણી લોકસભા ચુંટણી જાહેર થયા પહેલા યોજાશે?

**મતદારો તૈયાર રહો લોકસભાની ચૂંટણી માટે લોક ચાહના મેળવવા ઉમેદવારો આવશે આપના દ્વાર : લોક સભાની ચૂંટણી પહેલા આવેલ અને વિજેતા ઉમેદવાર સાંસદ બન્યા બાદ પાંચ વર્ષમાં કેટલી વખત આપના ગામની કે આજુબાજુના વિસ્તારોની મુલાકાત લીધી?**

(ગોવીંદ હડીયા દ્વારા)

કેશોદ તા.૧૨

આગામી લોકસભાની ચૂંટણી છ થી આઠ મહિનામાં આવનાર હોય તેવી શક્યતા સેવાઈ રહીછે ત્યારે લોકસભાની ચૂંટણી લડવા અનેક ઉમેદવારોમાં થનગનાટ જોવા મળી રહ્યોછે અને એ ઉમેદવારો અત્યારથી લોક ચાહના મેળવવા તૈયારીઓ આરંભીછે મતદારોમાં લોક ચાહના મેળવવા અનેક આયોજનો સાથે લોકસભા મત વિસ્તારમાં મહેમાન બનશે મતદારોને અનેક વચનો આપશે ત્યારે અગાઉના વચનો ક્યાક પુર્ણ ન થયા હોય તેવા વિસ્તારોમાં મતદારો ઉમેદવારોને મોઢેમોઢ સંભાળશે કે દર વખતની ચુંટણીની જેમ હાજીહા કરશે? ક્યારેય ન જોયેલા ચહેરાઓ પણ લોક ચાહના મેળવવા આવશે તો કોઈ જુના રાજકીય અનુભવી કે અગાઉ ધારાસભ્ય સાંસદનું પદ ભોગવેલ ઉમેદવાર પણ પોતાની લોકપ્રિયતા મેળવવા પ્રયત્ન કરશે પોરબંદર મત વિસ્તારમાં લોકસભાની ચૂંટણીમાં અનેક સ્થાનીક આયાતી ઉમેદવાર જોવા મળશે અગાઉના વર્ષોમાં જુનાગઢ લોકસભાની સીટમાં કેશોદ તાલુકાનો સમાવેશ થતો હતો જે સિમાંકન બદલાયા બાદ પોરબંદર સીટમાં લોકસભાની ચૂંટણીમાં કેશોદ તાલુકાનો સમાવેશ થયો હતો ત્યારથી કેશોદ આજુબાજુના તાલુકાઓ સિવાયના ઉમેદવારો વિજેતા બની સાંસદ બન્યાછે ત્યારે આગામી લોકસભા ૨૦૨૪ ચુંટણીમાં ક્યા ઉમેદવારો મેદાને આવશે તે આવનારો સમય જ બતાવશે પણ લોકસભાની ચૂંટણી લડવા થનગનતા ઉમેદવારો અત્યારથી મતદારોમાં લોક ચાહના મેળવવા તૈયારીઓ આરંભી છે.

કેશોદ તાલુકામાં ૨૯ જેટલી ગ્રામ પંચાયતોની ચૂંટણી બાકી હોય જે ચૂંટણી અદ્ધરતાલ હોય ત્યારે લોક સભાની ચૂંટણીની તૈયારી થવા જઈ રહી હોય ત્યારે આગામી લોકસભાની ચૂંટણી પહેલા ગ્રામ પંચાયતોની બાકી રહેલી ચુંટણી યોજાશે કે ગ્રામ પંચાયતની ચૂંટણી લડવા ઉત્સુક ઉમેદવારોએ હજુ મહીનાઓ સુધી રાહ જોવી પડશે તે જોવાનું રહ્યું.

# થ્રેસરમાં ચુંદડી આવી જતાં પ્રેમપરાની યુવતીનું મૃત્યું

જૂનાગઢ તા. ૧૨

વિસાવદર તાલુકાનાં પ્રેમપરા ગામનાં દયાબેન ભીખાભાઈ બાંભવા (ઉ.વ. ૨૫) નામની યુવતી થ્રેસરમાં કામ કરતા હતાં ત્યારે દયાબેનની ચુંદડી થ્રેસરમાં આવી જતાં તેમને ગંભીર ઈજા થઈ હતી. અને તેમનું મૃત્યું થતાં તેમના પરીવારમાં શોકનું મોજુ પ્રસરી ગયું હતું.




### જૂનાગઢના આંગણે પ્રથમવાર વાઈબ્રન્ટ ગુજરાત-વાઈબ્રન્ટ સમિટ

# જીલ્લાના પ્રભારી અને રાજ્યના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે વાઈબ્રન્ટ જૂનાગઢ સમિટને ખુલ્લી મુકાશે

## કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ વાઈબ્રન્ટ જૂનાગઢ સમિટની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરી

જૂનાગઢ, તા.૧૨

વાઈબ્રન્ટ ગુજરાતની તર્જ ઉપર જૂનાગઢના આંગણે પ્રથમવાર તા.૧૪મી ઓક્ટોબર-૨૦૨૩ના રોજ વાઈબ્રન્ટ જૂનાગઢ સમિટ યોજાવા જઈ રહી છે, ત્યારે કલેકટર અનિલકુમાર રાણાવસિયાએ આ વાઈબ્રન્ટ સમિટની પૂર્વ તૈયારીઓની સમીક્ષા કરી હતી. મહત્વનું છે કે, આ વાઈબ્રન્ટ જૂનાગઢ સમિટને જિલ્લાના પ્રભારી અને રાજ્યના કૃષિ મંત્રી રાઘવજીભાઈ પટેલના હસ્તે ખુલ્લી મુકવામાં આવશે. કલેકટર કચેરી ખાતે મળેલી બેઠકમાં આ સમિટ દરમિયાન જૂનાગઢ જિલ્લાની પ્રોડક્ટ, ઉદ્યોગ, પ્રવાસન સહિત અન્ય બાબતોને આવરી લઈ જે એક્ઝિબિશન રાખવામાં આવનાર છે. તે સંદર્ભે સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન કલેકટરશ્રીએ આપ્યું હતું. કલેકટરે આ વાઈબ્રન્ટ સમિટ માટે અધિકારીઓને સોપાયેલ જવાબદારીઓનુ વહન પરસ્પર સંકલન સાથે થાય તે માટે પણ સૂચના આપી હતી. ઉપરાંત મંચ તથા બેઠક વ્યવસ્થા, આમંત્રણ, પાર્કિંગ, ભોજન, સફાઈ સહિતની અન્ય વ્યવસ્થાઓ માટે પણ સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી. ઉલ્લેખનીય છે કે, વાઈબ્રન્ટ ગુજરાત, વાઈબ્રન્ટ જૂનાગઢ સમિટના માધ્યમથી જૂનાગઢ જિલ્લાના ઔદ્યોગિક વિકાસને નવી ગતિ આપવા માટે ઉદ્યોગપતિ રોકાણકારો દ્વારા એમઓયુ કરવામાં આવશે. આમ, રોજગારીની નવી તકો પણ ઉભી થશે. આ બેઠકમાં વાઈબ્રન્ટ જૂનાગઢ સમિટ માટે સ્ટાર્ટઅપ, એક્સપોર્ટ, વેસ્ટ મેનેજમેન્ટ સહિતના વિષયો પર સેમીનાર યોજાનાર છે, જે માટેની તૈયારીઓની વિગતો પણ કલેક્ટરે મેળવી હતી. આ બેઠકમાં અધિક નિવાસી કલેકટર પી.જી. પટેલ,



પ્રાંત અધિકારી સુશ્રી ભૂમિબેન કેશવાલા, નાયબ પોલીસ અધિક્ષક પટણી, જિલ્લા ઉદ્યોગ કેન્દ્રના મેનેજર ધૈર્ય જોશી, જિલ્લા આયોજન અધિકારી ગંભીર, જિલ્લા પુરવઠા અધિકારી રીનાબેન ચૌધરી સહિતના સંબંધિત અધિકારી ઉપસ્થિત રહ્યા હતા.

# જૂનાગઢમાં નશાબંધી સપ્તાહની થયેલ ઉજવણી

જૂનાગઢ, તા.૧૨

રાજ્ય સરકાર દ્વારા ૨ જી ઓક્ટોબર ગાંધી જયંતિ થી ૮ મી ઓક્ટોબર સુધી નશાબંધી સપ્તાહની ઉજવણી કરવામાં આવે છે જે અંતર્ગત સમગ્ર સપ્તાહ દરમ્યાન વ્યસન મુક્તિ જન જાગૃતિ માટે વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. આજરોજ અધિક્ષક, નશાબંધી અને આબકારી કચેરી જૂનાગઢ દ્વારા નશાબંધી સપ્તાહ ૨૦૨૩ નો સમાપન સમારોહ બી. એ.પી.એસ. સ્વમીનારાયણ વિદ્યા મંદિર, જૂનાગઢ ખાતે પૂજ્ય કોઠારી સ્વામીના અધ્યક્ષસ્થાને યોજાયો હતો. કાર્યક્રમમાં સંસ્થા દ્વારા તૈયાર કરાયેલ વ્યસનના ગેર ફાયદા ઉપર આધારિત ઓડિયો વિઝ્યુઅલ સંવાદ દર્શાવ્યો હતો. ત્યારબાદ નશાબંધી વિભાગના અધિકારી વી.પી.ચૌહાણ અને એસ.પી.મારૂ દ્વારા સમગ્ર સપ્તાહ દરમ્યાન યોજયેલ વિવિધ કાર્યક્રમની માહિતી આપવામાં આવી હતી.તેમજ સરકારના વ્યસન મુક્તિ અભિયાન અંગે વિસ્તૃત સમજ આપવામાં આવી હતી. અધ્યક્ષસ્થાનેથી પૂજ્ય સ્વામીજીએ સાંપ્રત સમયમાં વ્યસન એક મોટો સામાજિક શત્રુ હોવાની અને તેને હરાવવામાં રાજકીય, સામાજિક અને ધાર્મિક એમ સહિયારા યોગદાન અને પુરૂષાર્થ વિશે રસમય શૈલીમાં સમજ આપી હતી તેમજ આજના દિવસે પૂજ્ય પ્રમુખ સ્વામીની પુણ્યતિથિ અને પૂજ્ય મહંત સ્વમીનો જન્મદિન હોય, એક સાચી ગુરૂ દક્ષિણા સ્વરૂપે વ્યસનમુક્તિ અંગે પ્રતિજ્ઞા લેવડાવી હતી.કાર્યક્રમના અંતે વ્યસન રૂપી રાક્ષસનું પ્રતીકાત્મક દહન કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે બલભદ્રસિંહ જાડેજા , અધિક્ષક, નશાબંધી અને આબકારી, જૂનાગઢ દ્વારા માર્ગદર્શન આપવામાં આવ્યું હતું.

# જૂનાગઢ મનપાના આગામી બોર્ડમાં સીટી બસ સેવા શરૂ કરવા અને ફટાકડા બજાર માટે સુચન કરાયું

જૂનાગઢ, તા.૧૨

જૂનાગઢ મનપાના કમિશ્નરને એક પત્ર પાઠવી અગ્રણી અશ્વીન એ. મણીયારે વિવિધ સુચના કરતા જણાવેલ છે કે, જૂનાગઢ શહેરની સીટી બસ સેવા ઘણા વખતથી બંધ છે, જેમાં પરસ્પરનો રાજકીય જૂથ વાદ ઉપરાંત ચોક્કસ તત્વો દ્વારા અડચણ નાખવામાં આવતી જેથી આ સીટી બસ સેવા બંધ થઈ છે. અત્યારના માહોલમાં જૂનાગઢને જાંબાઝ, ખંતીલા તથા પ્રજા વત્સલ પોલીસ અધીકારીઓ મળ્યા છે ત્યારે સીટી બસ સેવા શરૂ કરવા માટે અત્યારે યોગ્ય સમય છે. જૂનાગઢની પ્રજાને ભુતકાળમાં ઈવનગર, વાડલા શાપુર, માખીયાળા, ભવનાથ એમ ચારેય બાજુની પ્રજાને સીટીબસનો લાભ મળતો હતો. હાલના પોલીસ તંત્રના જાગૃત્ત અધીકારીઓને કારણે તેમની સાથે આ બધા વિસ્તારની સમસ્યાઓનો જો નીકાલ થાય તો સીટી બસ સેવા શરૂ કરવા માટે અનુકુળ સમય છે. જેનો લાભ જૂનાગઢની પ્રજાને મળી શકે છે અને આ મોંઘવારીના માર્ગથી પીડાતી પ્રજાને સીટી સીટી બસનો લાભ મળી શકે. આ બાબતે અધીકારી, પદાધીકારીઓની ઈચ્છા શકતી હોય તો સીટીબસ સેવા શરૂ થઈ શકે છે. આ બાબતે વિચારણા કરવા જણાવેલ છે.

વધુમાં જૂનાગઢ શહેરના ગીચ વિસ્તારોમાં ફટાકડાની દુકાનો ઠેર ઠેર જોવામાં આવે છે તેમજ રેકડીઓ વાળા પણ તંત્ર સાથે વ્યવસ્થા ગોઠવી પોતાનું ગુજરાન ચલાવતા હોય છે. ભુતકાળમાં જૂનાગઢ શહેરની એ.જી.સ્કુલમાં ફટાકડા બજાર ભરાતી હતી. હાલના સંજોગોમાં સ્વામી વિવેકાનંદ વિનય મંદીર અથવા તો એ.જી.સ્કુલમાં ફટાકડા બજાર ભરાય તે જરૂરી છે અને તે માટે પણ પોલીસ તંત્ર સાથે ચર્ચા વિચારણા કરી આગામી દિવસોમાં ફટાકડા બજાર માટે પણ વિચારણા થવી જોઈએ તેમજ ભુતકાળમાં જે તે લોકો સંગઠીત બની અને ફટાકડા બજારોમાં જે અરાજકતા ફેલાવતા હતા તે સામે હાલનું પોલીસ તંત્ર સક્ષમ છે તેવુ માનુ છું. જેથી ફટાકડા બજાર પણ શરૂ થાય તેવી રજૂઆત પત્રના અંતે અશ્વીન મણીયારે કરી છે.

# જૂનાગઢની કુ.હેત્વી બરેજાનું તેજસ્વી વિદ્યાર્થિની તરીકે સમાજશ્રેષ્ઠીઓ દ્વારા થયુ બહુમાન

### ભવનાથ ખાતે યોજાયેલ ઘેડીયા કોળી સમાજ દ્વારા યોજાયો સન્માન સમારોહ

જૂનાગઢ, તા. ૧૨

જૂનાગઢ શહેર ઘેડીયા કોળી સમાજ સંગઠન દ્વારા શ્રેષ્ઠ કામગીરી કરનાર સમાજશ્રેષ્ઠીઓ, યશસ્વી સિધ્ધી હાસલ કરનાર વ્યક્તિ વિશેષ, સેવાનિવૃત કર્મચારીઓ અને તેજસ્વીતા પ્રાપ્ત છાત્રોને સન્માનિત કરવાનો કાર્યક્રમ ભવનાથ ખાતેની ઘેડીયા કોળી સમાજની વાડી ખાતે યોજાયો હતો.



આ કાર્યક્રમમાં સરસ્વતિ સકુલમાં ધો-૪માં અભ્યાસ કરતી કુ. હેત્વી બરેજાનું ઉપસ્થિત સમાજ શ્રેષ્ઠીઓનાં હસ્તે પ્રમાણપત્ર અને પુરસ્કાર આપી બહુમાન કરાયુ હતુ. અત્રે ઉલ્લેખનીય છે કે શ્રમજીવી પરિવારની દિકરી કુ. હેત્વીનાં પિતા પંકજભાઈ વાહન ડ્રાયવર તરીકે કામ કરી પરિવારનો નિર્વાહ કરી રહ્યા છે ત્યારે ગરીબ પરીવારની દિકરીની શૈક્ષણિક સિધ્ધી તેમનાં ઊંચા ભવિષ્ય માટે આશાનું કીરણ બની રહી છે.

# દૈવત્વમાં લીન બનો ધનરાજ નથવાણી દ્વારા પ્રસ્તુત મા અંબાને સમર્પિત આધ્યાત્મિક આલ્બમ ‘પંચવી’ સાથે

મુંબઈ, તા.૧૨

નવરાત્રીના તહેવારો હવે શરૂ થવાની તૈયારી છે ત્યારે શ્રી ધનરાજ નથવાણીની સંગીતસભર પ્રસ્તુતી ‘પંચવી’ને કારણે વાતાવરણમાં અનેરો આધ્યાત્મિક જોમ ઉમેરાઈ ગયો છે. પદ્મશ્રી હરિહરન, પદ્મશ્રી શંકર મહાદેવન, ઓસમાણ મીર, નિશા ઉપાધ્યાય, ઉમેશ બારોટ, યાશિતા શર્મા, માનસી પારેખ ગોહિલ, જાહ્નવી શ્રીમાંકર, આમિર મીર અને પાર્થિવ ગોહિલ જેવા લબ્ધપ્રતિષ્ઠિત ગાયકો દ્વારા સૂરબધ્ધ કરવામાં આવેલું આલ્બમ ‘પંચવી’ મા અંબાના દૈવી આશિર્વાદને રજૂ કરતો સંગીતમય માસ્ટરપીસ છે. આ રોમાંચિત કરી દેતું આલ્બમ પરંપરાગત સંગીતના સીમાડાને પાર કરીને પરિવર્તનકારી અનુભૂતિ કરાવે છે.






આલ્બમના લોન્ચ પ્રસંગે ધનરાજ નથવાણીએ જણાવ્યું હતું કે, “આગામી નવરાત્રિના તહેવારોની મોસમને ધ્યાને લેતાં પંચવીના વિમોચનનો સમય આનાથી વધારે યોગ્ય ના હોઈ શકે. સુપ્રસિધ્ધ ગાયકોના પ્રદાન સાથે ખૂબ જ કાળજીપૂર્વક તૈયાર કરવામાં આવેલું આલ્બમ આધ્યાત્મિક શાંતિ શોધી રહેલા લોકો માટે શાંતિમય સ્વર્ગના દરવાજા ખોલી આપે છે. હું દ્રઢપણે માનું છું કે આ આલ્બમ સાંભળનારના હૃદયને સ્પર્શી જશે, તેમને મા અંબાના દૈવી આશિર્વાદની નજીક લાવશે અને તેમની આધ્યાત્મિક યાત્રાના માર્ગને પ્રશસ્ત કરશે.” “આ પ્રસંગે, પંચવીની ખૂબ જ પ્રતિભાશાળી ટીમને અભિનંદન આપું છું. તેમના સમર્પણ અને પ્રતિભાએ તમામ સાંભળનારાઓ માટે અદ્દભૂત અનુભવનું સર્જન કરીને આ આધ્યાત્મિક માસ્ટરપીસને વધારે સમૃધ્ધ બનાવ્યો છે”, એમ શ્રી નથવાણીએ ઉમેર્યું હતું.

પાર્થિવ ગોહિલ દ્વારા ક્યુરેટ કરાયેલા અને પાર્થ ભરત ઠક્કર દ્વારા સંગીત સંયોજન કરાયેલા આ આલ્બમમાં પોતાનું આગવું સત્વ ધરાવતી એક સ્તુતિ અને ત્રણ આરતીનો સમાવેશ કરવામાં આવેલો છે, જે શ્રોતાઓના આત્માને સ્પર્શી જાય છે. ‘પંચવી’માં નીચે મુજબની કર્ણપ્રિય આરતી સામેલ છે.

૧) વિશ્વંભરી સ્તુતિ : ખ્યાતનામ ગાયક પદ્મશ્રી હરિહરને સમગ્ર બ્રહ્માંડમાં દૈવી ઊર્જાનો સંચય કરી દેનારી સ્તુતિ, "વિશ્વંભરી સ્તુતિ"માં પોતાનો ભાવપૂર્ણ સ્વર આપ્યો છે.

૨) ખમ્મા ખમ્મા—બહુચર માતાની આરતી : "ખમ્મા ખમ્મા" એ ઉમેશ બારોટ અને યાશિતા શર્માના કર્ણપ્રિય અવાજમાં ગવાયેલી દૈવી આરતી છે, જેમાં સંગીત નિશીથ મહેતાએ આપ્યું છે. આ ગીત તમને દૈવી શક્તિની આરાધનામાં ગરકાવ થઈને સંગીત તથા ગીતના સુમધુર મિશ્રણમાં તલ્લીન બનવા આમંત્રિત કરે છે. આ આરતી પંચવીની ઓફિશ્યલ યુટ્યુબ ચેનલ અને ઈન્ટાગ્રામ પર ઓક્ટોબર ૧૩, ૨૦૨૩ના રોજ રજૂ થશે.

૩) જય આદ્યા શક્તિ : શક્તિ અને સામર્થ્ય પ્રદાન કરનારી આરતી "જય આદ્યા શક્તિ"ના દૈવી અહેસાસની અનુભૂતિ આપણને આપણી અંદરની પવિત્ર ઊર્જાનો અહેસાસ કરાવે છે. શંકર મહાદેવનના અભિભૂત કરી દેતા સ્વરમાં આ આરતી તમને તમારા અંતર આત્માનો પરિચય કરાવે છે. આ આરતી પંચવીની ઓફિશ્યલ યુટ્યુબ ચેનલ અને ઈન્ટાગ્રામ પર ઓક્ટોબર ૧૫, ૨૦૨૩ના રોજ રજૂ થશે.

૪) અંબે તુ હે જગદંબે કાલી: "અંબે તુ હે જગદંબે કાલી"નું આ સુંદર વર્ઝન એ પ્રતિભાશાળી જાહ્નવી શ્રીમાંકર, માનસી પારેખ ગોહિલ, નિશા ઉપાધ્યાય, ઓસમાણ મીર, આમિર મીર અને પાર્થિવ ગોહિલના સહિયારા પ્રયાસોથી તૈયાર થયું છે. આ સુંદર સંગીતમય રચના આધ્યાત્મિકતાને પ્રેરિત કરે છે. પંચવીની ઓફિશ્યલ યુટ્યુબ ચેનલ અને ઈન્ટાગ્રામ પર ઓક્ટોબર ૧૭, ૨૦૨૩ના રોજ રજૂ થશે. અગાઉ દ્વારકાની વણકહેલી દાસ્તાન આધારિત ‘રાજાધિરાજ’ નામના આલ્બમ તથા કોફી ટેબલ બુકને પ્રસ્તુત કરનારા શ્રી નથવાણી આધ્યાત્મિક છે.

# માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર-જોષીપુરા, જૂનાગઢ ખાતે વિશ્વ માનસિક સ્વાસ્થ્ય વીક નિમિત્તે મનોદર્પણ કાર્યક્રમ યોજાયો



જૂનાગઢ, તા.૧૨

સમગ્ર વિશ્વમાં માનસિક રોગોનું પ્રમાણ ન કલ્પી શકાય એટલું વધારે છે. વિશ્વની ૧૫ થી ૧૭% વસ્તી માનસિક રોગોથી પીડાય છે. માત્ર ગુજરાતમાં જ ૨૮ લાખ જેટલા લોકો વિવિધ માનસિક રોગોથી પીડાય છે, તેમાં લગભગ ૨ લાખ જેટલા દર્દીઓ તો ગંભીર માનસિક રોગથી પીડાય છે.

આવા માનસિક રોગોથી પીડાતા લોકોને મનો વૈજ્ઞાનિક સપોર્ટ આપવા માટે ભારત સરકારના શિક્ષા મંત્રાલય દ્વારા માનસિક સવાસ્થ્ય સપ્તાહ અન્વયે “મનો દર્પણ” કાર્યક્રમ શરૂ કરવામાં આવેલ છે. આ અંતર્ગત માતૃશ્રી એમ.જી. ભુવા કન્યા વિદ્યા મંદિર- જોષીપુરા, જૂનાગઢ ખાતે તા.૧૦-૧૦-૨૦૨૩ ને મંગળવારના રોજ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને પરિવારના સભ્યોના મનો વૈજ્ઞાનિક સપોર્ટ માટે એક વિશેષ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

ઉક્ત કાર્યક્રમમાં આશાદીપ ચેરિટેબલ ટ્રસ્ટના ટ્રસ્ટી અને જૂનાગઢ સિવિલ હોસ્પિટલના એનસીડી સેલના નોડલ ઓફિસર ડો.સોહમ બુચ સાહેબ અને પુર્ણાબેન હેડાવા સહિત સાયકોલોજિસ્ટ ટીમે માનસિક રોગો વિષે ઊંડાણપૂર્વકની સમજ આપી હતી અને માનસિક સ્વાસ્થ્યની જાગૃતિ અર્થે પેમ્પલેટ વિતરણ પણ આ તકે કરવામાં આવ્યું હતું. આ તકે સંસ્થાના શિક્ષણ નિયામક એચ.પી. પોલરા ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. આ આયોજનને સફળ બનાવવા માટે શાળાના આચાર્યા સુશ્રી જયશ્રીબેન રંગોલિયા અને કર્મચારીઓએ જહેમત ઉઠાવી હતી. આ કાર્યક્રમના સફળ આયોજન બદલ સંસ્થાના ચેરમેન મેનેજિંગ ટ્રસ્ટી જે.કે. ઠેસિયા, જોઈન્ટ મેનેજિંગ ટ્રસ્ટી મૃણાલિનીબેન ગોધાણી, સંસ્થાના ટ્રસ્ટીઓ, સંચાલક મંડળના સભ્યો સહિત સમગ્ર સંસ્થા પરિવારે ખાસ અભિનંદન પાઠવ્યા હતાં.

# ખંભાળિયા ઈ-ધરા કેન્દ્રમાં થતી હાલાકી અંગે મામલતદારને લેખિત રજૂઆતો

(કુંજન રાડીયા દ્વારા)

જામખંભાળીયા તા.૧૨

ખંભાળિયા રેવન્યુ પ્રેક્ટિસનર્સ (એડવોકેટ) એસોસિએશન દ્વારા મામલતદાર કચેરીમાં તેઓને વિવિધ કામગીરી માટે થતી વ્યાપક હાલાકી અંગે અવારનવાર લેખિત તેમજ મૌખિક રજૂઆતો કરવામાં આવી હતી. ખંભાળિયાની મામલતદાર કચેરીમાં ઈ-ધરા કેન્દ્રના અધિકારીને અવાર નવાર રજૂઆત કરવા છતાં વિવિધ હકક પત્રકની નોંધ પાડવામાં ન આવતા તેમજ ઈ-સ્ટેમ્પ સેન્ટર ઘણા સમયથી બંધ હોવા બાબત તથા ખેડૂત અરજદારોને પડતી મુશ્કેલીઓ બાબતે ગઈકાલે મંગળવારે અહીંના મામલતદારને રજૂઆત કરવામાં આવી હતી.આ રજૂઆતમાં રેવન્યુ પ્રેક્ટિસનર (એડવોકેટ) એસોસિએશનના પ્રમુખ પી.પી. કાંબરીયા, ઉપપ્રમુખ સંજય આંબલીયા, માલદે ધમા, સેક્રેટરી વિપુલભાઈ ગોસાઈ તથા સલાહકાર સમિતિના એડવોકેટ સભ્યો તથા મંડળના તમામ વકીલો જોડાયા હતા.



સૌરાષ્ટ્ર ભૂમિ
દૈનિક

## તંત્રી લેખ

# શું માનવતા મરી ગઈ છે ?

મહાકાલની નગરી ઉજ્જૈનમાં એક સગીરા સાથે દરિંદગી સાથે રેપ અને ત્યારબાદ એ સગીરાની મદદ માટે દર-બ-દર ભટકવાની ઘટના રૂંવાડાં ઊભાં કરી દે તેવી છે. તેને લઈને રાજકારણ પણ શરૂ થઈ ગયું છે, કારણ કે આ ક્ષુબ્ધકારી ઘટના ચૂંટણી પહેલાં થઈ છે. વિપક્ષ મધ્યપ્રદેશમાં મહિલાઓની ઈજ્જત દાવ પર થવાનો આરોપ લગાવી રહ્યો છે તો સત્તાપક્ષ દોષીતને ફાંસી પર ચડાવવાની વાત કરી રહ્યો છે. પોલીસે જોકે આરોપીને દબોચી લીધો છે.

જોકે આ બધા કરતાં સૌથી વધુ ચિંતાનો વિષય એ છે કે સામાન્ય પ્રજા હવે આવા મામલે કોઈપણ પીડિતની મદદ માટે આગળ આવવાને બદલે તેનાથી બચે છે કેમ? જેટલો ઉત્સાહ તેમનો આવી અમાનવીય ઘટનાઓના વીડિયો બનાવવામાં દેખાય છે, તેનો દસમો ભાગ પણ તેઓ પીડિતને સમયસર રાહત પહોંચાડવા કે પોલીસ બોલાવવા માટે કેમ નથી દેખાતો? એ પણ કે જો સમાજમાંથી માનવતા મરી ગઈ તો એ સમાજના હોવાનો અર્થ જ શો છે? તેનો અર્થ એ નથી કે ઘટનાનો વીડિયો બનાવવો કોઈ ગુનો છે. કેટલીય વાર એવા વીડિયો પોલીસની તપાસમાં મદદગાર પણ સાબિત થાય છે. પરંતુ માનવતાનો તકાદો શું છે? વેદનાઓનો વીડિયો બનાવવો કે પછી માનવીય સંવેદનાઓને અનુરૂપ પીડિત મનુષ્યની હરસંભવ સહાયતા કરવી? યથાશક્તિ કોઈ પીડિતાને રેપથી બચાવવી કે પછી તેની મજબૂરીનો નાજાયજ ફાયદો ઉઠાવવો અથવા એ જોતા રહીને મૌન રહેવું? આ જાણીજોઈને ઓઢવામાં આવેલ મૌન અને ઉદાસીનતા રેપ કરતાં પણ મોટો સામાજિક અને નૈતિક અપરાધ છે.

ઉજ્જૈનની સગીર પીડિતાની જે દર્દનાક કહાની સામે આવી રહી છે, તે હચમચાવી દેનારી છે. રાતમાં નિર્મમ રેપ બાદ સવારે ૬ વાગ્યે ડરતી-સંકોચાતી ૧૫ વર્ષની કિશોરી લડખડાતી આવે છે. તેની સાથે એક રાક્ષસ રાત્રે નિર્મમતાથી રેપ કરીને બદહાલ અવસ્થામાં છોડીને ફરાર થઈ જાય છે. સગીરાના તન પર લાજ ઢાંકવા લાયક કપડાં પણ નથી. શરીરમાંથી લોહી વહી રહ્યું છે. એ કમભાગી સગીરા રડતાં રડતાં લગભગ ત્રણ કલાક પગપાળા ચાલીને ૮ કિલોમીટરની મજલ કાપે છે. તે શહેરની બે કોલોનીઓ અને પાંચસોથી વધારે ઘરો, બે ઢાબા અને એક ટોલનાકા થઈને પસાર થાય છે. મદદ માટે કેટલાય ઘરના દરવાજા ખટખટાવે છે. કેટલાક લોકો તેને શરમજનક હાલતમાં જુએ પણ છે, પરંતુ તેની મદદનો વિચાર પણ તેમના મનમાં નથી આવતો. હશે કોઈ, એમ વિચારીને આગળ વધી જાય છે કે પછી ઘરના અધખૂલ્લા દરવાજા પૂરા બંધ કરી દે છે. આખરે એક આશ્રમનો નેકદિલ પૂજારી તેને શરણું આપે છે અને પોલીસને જાણ કરે છે.

મનને હચમચાવી દેનારી આ ક્રૂર ઘટના માત્ર ઉજ્જૈનની જ નથી, લગભગ દરેક શહેરની છે. ત્રણ મહિના પહેલાં દેશની રાજધાની દિલ્હીની એક ગીચ વસ્તીની સાંકડી ગલીમાં એક સગીરાની તેનો પ્રેમી સરેઆમ ચાકુના ઘા મારી હત્યા કરી દે છે. લોકો આવતાં-જતાં એની હત્યા થતાં જોઈને એ રીતે નીકળી જાય છે જાણે નુક્કડ નાટક ચાલી રહ્યું હોય. કોઈનું રૂંવાડું ય ફરકતું નથી. એ જ રીતે સડક પર દુર્ઘટનાઓમાં કેટલાયનાં મોત થઈ જાય છે. પરંતુ રાહદારીઓ તમાશો જોતા રહે છે અથવા તો એ દશ્યના વીડિયો બનાવીને સોશ્યલ મીડિયા પર પોસ્ટ કરવામાં ખુદને ધન્ય માને છે! કોઈ એ જહેમત નથી ઉઠાવતું કે ઘાયલને હોસ્પિલ પહોંચાડી દે કે તેનો કોઈક રીતે જીવ બચાવી લે અને આ મૃત વ્યક્તિના પરિજનો અને પોલીસ સુધી તેના સમાચાર પહોંચાડવાની કોશિશ કરે.

આ ખરેખર અફસોસ અને સમાજના આત્મચિંતનની વાત છે કે આપણે સભ્ય, સંપન્ન અને જ્ઞાની હોવા છતાં પણ મનુષ્યતાનો બુનિયાદી કક્કો ભૂલતા જઈએ છીએ. સમાજની આ સંવેદનહીનતા પોલીસની સંવેદનહીનતા કરતાં પણ વધારે ખતરનાક છે. આજે કાયદો-વ્યવસ્થા જાળવી રાખવાની જવાબદારી આપણે સંપૂર્ણ રીતે પોલીસ અને ન્યાય વ્યવસ્થાના ભરોસે છોડી દીધી છે. દરેક જણ કદાચ એમ વિચારી રહ્યું છે કે જે દુર્ઘટના, બળાત્કાર અને અત્યાચાર બીજા સાથે થયા છે, તે પોતાની સાથે નહીં થાય. તેથી મારે શું? જ્યારે આપણા પર આવશે ત્યારે જોઈ લેવાશે. જે થયું, જેની સાથે થયું અને જે પણ થયું, તે બીજા દિવસે અખબારમાં વાંચી લઈશું કે સોશ્યલ મીડિયા પર કોઈને કોઈ 'સમાજસેવક' ક્લિક વધારવા માટે પોતાના વોટ્સએપ ગ્રુપ પર તેનો વીડિયો ફરતો કરી જ દેશે. ઘરમાં બેસીને કે સોફા પર આડા પડીને કોઈની યાતનાના વીડિયો જોવા અને તેને બીજાને ફોરવર્ડ કરવાથી મળતો આસુરી આનંદ અલગ જ છે. આજે આપણામાંથી મોટાભાગના આ આસુરી આનંદના મનોરોગી બની ચૂક્યા છીએ. આ વીડિયો દર્શકોમાંથી કોઈ નહીં પૂછે કે વીડિયો બનાવીને પહેલાં પોસ્ટ કરવાનો ગોલ્ડ મેડલ જીતવાને બદલે પીડિતની સમય રહેતાં મદદનો વિવેક એ વ્યક્તિમાં કેમ નથી જાગતો? જો જાગે છે તો તે કાર્યરૂપમાં પરિણમતો કેમ નથી? આવી ઘટનાઓના શિકાર પીડિતો પ્રત્યે લોકો આટલી સંવેદનહીનતા કેમ દેખાડે છે? શું એટલા માટે કે પીડિતોમાં કોઈ તેમનું પરિચિત કે સગું નથી? કે પછી તેમની સંવેદનાઓ માત્ર થોડા ખાસ લોકો માટે છે. એક માણસ તરીકે તેમની સંવેદનાઓ ઉદાસીનતાના લોકરમાં બંધ રહે છે.

આ બાબતે મનોવૈજ્ઞાનિકોનું કહેવું છે કે સમાજનું આ આચરણ 'બાયસ્ટેન્ડર ઈફેક્ટ' છે. આ સિદ્ધાંતની સ્થાપના મનોવૈજ્ઞાનિક બિબ લાતેન અને જહોન ડાર્લેએ ૧૯૬૪માં અમેરિકાના ન્યૂયોર્કમાં કિટ્ટી જેનોવિસની કુખ્યાત હત્યા બાદ કરી. જેનોવિસની તેના એપાર્ટમેન્ટની બહાર ચાકુ મારીને હત્યા કરી દેવામાં આવી હતી. તે પોતાના ઘરની બહાર પડી હતી, જ્યારે હત્યારો તેને ફરીથી ચાકુ મારવા પાછો આવ્યો. જે પડોશીઓ અપરાધ જોયો, તેઓ તેની સહાયતા માટે આગળ ન આવ્યા. આ હત્યાએ લાટેન અને ડાર્લેને પ્રયોગોની એક શૃંખલા શરૂ કરવા માટે પ્રેરિત કર્યા, જ્યાં તેમણે માપ્યું કે ઉમેદવારોને - જેઓ એકલા હતા કે બીજાઓની હાજરી વિશે ખબર હતી - એક આપાત સ્થિતિમાં હસ્તક્ષેપ કરવામાં કેટલો સમય લાગ્યો. પોતાના સંશોધનમાં તેમણે નિષ્કર્ષ તારવ્યો કે ભીડમાં હોવા પર વ્યક્તિની જવાબદારીની વહેંચણી થઈ જાય છે. એવી સ્થિતિમાં મદદ કરવી કોઈ પોતાની જવાબદારી નથી માનતું, તેથી મદદ માટે કોઈ આગળ નથી આવતું. તેનું બીજું કારણ સમાજમાં પ્રગતિના અનુપાતમાં સહાનુભૂતિ ઘટતા જવાનું પણ છે. આજે દરેક જણ આંધળી દોટમાં છે, તેના માટે કોઈની મદદ કરતાં પોતાનો એજન્ડા મહત્ત્વપૂર્ણ છે. જોકે આવી માનસિકતા પાછળ એક મોટું કારણ પોલીસની સતામણીનું પણ છે. જોકે સુપ્રીમ કોર્ટના નિર્દેશ બાદ કેન્દ્રએ આવા મામલે લોકોને પરેશાન થવાથી બચાવવા નિયમ બનાવ્યા છે, પરંતુ મોટાભાગનાને એની ખબર નથી હોતી અને હોય તો પણ તેઓ કોઈ ગૂંચમાં પડવાથી બચવા માંગે છે, જ્યારે પીડિતની મદદ કરવી માનવ અને રાષ્ટ્ર સેવા બંને છે.

### અમદાવાદની સુરક્ષા અંગે ઉઠાવ્યા હતા સવાલ

# ૧૧ વર્ષ બાદ અમદાવાદમાં પાકિસ્તાન ટીમનું આગમન

## ભારત અને પાકિસ્તાન વચ્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ૧૪ ઓક્ટોબરે આમને-સામને હશે

અમદાવાદ, તા.૧૨

ભારતમાં આઈસીસી વિશ્વકપ-૨૦૨૩ રમાઈ રહ્યો છે. ટૂર્નામેન્ટમાં આજે નવમી મેચ રમાઈ રહી છે. પરંતુ ભારતીય ક્રિકેટ ફેન્સ મેગા ઈવેન્ટના મહા મુકાબલાની રાહ જોઈ રહ્યાં છે. ભારત અને પાકિસ્તાન વચ્ચે અમદાવાદના નરેન્દ્ર મોદી સ્ટેડિયમમાં ૧૪ ઓક્ટોબરે આમને-સામને હશે. ૧ લાખ કરતા વધુ દર્શકોની સામે બાબર આઝમની પાકિસ્તાન અને રોહિત શર્માની ટીમ ઈન્ડિયાનો મુકાબલો રમાશે. પરંતુ જ્યારે વિશ્વકપનું ડ્રાફ્ટ શેડ્યૂલ જાહેર થયું ત્યારે પાકિસ્તાને અમદાવાદમાં રમવાની ના પાડી હતી.

ભારતીય ક્રિકેટ બોર્ડ દ્વારા જ્યારે વિશ્વકપનું ડ્રાફ્ટ શેડ્યૂલ બનાવવામાં આવ્યું હતું. તેમાં ભારત અને પાકિસ્તાનની મેચનું આયોજન અમદાવાદમાં કરવાનું હતું. આ ડ્રાફ્ટ શેડ્યૂલ સામે આવ્યા બાદ પાકિસ્તાન ક્રિકેટ બોર્ડના તત્કાલીન અધ્યક્ષ નજમ સેઠીએ અમદાવાદમાં રમવાની ના પાડી હતી. આ અંગે આઈસીસી સામે પણ પાકિસ્તાને વાંધો ઉઠાવ્યો હતો. પાકિસ્તાને અમદાવાદમાં પોતાની ટીમની સુરક્ષાને લઈને સવાલો ઉઠાવ્યા હતા. પરંતુ પાકિસ્તાનનો આ વિરોધ ચાલ્યો નહીં.

તમામ વિરોધ બાદ આઈસીસીએ ફાઈનલ કાર્યક્રમ જાહેર કર્યો હતો. જેમાં ભારત અને પાકિસ્તાનના મહામુકાબલા માટે અમદાવાદની પસંદગી કરવામાં આવી હતી. હવે આ મેચ ૧૪ ઓક્ટોબર શનિવારે રમાશે. આ માટે પાકિસ્તાનની ટીમ અમદાવાદ આવી પહોંચી છે. ૧૧ વર્ષ બાદ અમદાવાદમાં પાકિસ્તાનની ટીમ પહોંચી છે. આ પહેલા વર્ષ ૨૦૧૨માં ડિસેમ્બર મહિનામાં પાકિસ્તાનની ટીમ ભારત સામે ટી૨૦ મેચ રમવા માટે અમદાવાદ આવી હતી. ODI વર્લ્ડ કપમાં ભારત અને પાકિસ્તાનની ટીમો અત્યાર સુધી ૭ વખત ટકરાઈ છે. પાકિસ્તાનની ટીમ હજુ સુધી ODI વર્લ્ડ કપમાં ભારતને હરાવી શકી નથી. T20 વર્લ્ડ કપમાં પણ ભારતીય ટીમ તેના કટ્ટર હરીફ પાકિસ્તાન સામે ઘણા વર્ષો સુધી અજેય રહી, પરંતુ ૨૦૨૧માં T20 વર્લ્ડ કપમાં પાકિસ્તાન સામે ટીમ ઈન્ડિયાનો અજેય સિલસિલો તૂટી ગયો. જો કે, ભારતે ૨૦૨૨ના T20 વર્લ્ડ કપમાં પાકિસ્તાન પાસેથી તે હારનો બદલો લીધો હતો.

### બેઠકમાં ૩૨ જેટલા વિવિધ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા

# લવ મેરેજ એક્ટમાં સુધારો કરવા ૩૨ સમાજના અગ્રણીઓએ કમર કસી

## બેઠકમાં મુખ્યત્વે પ્રેમ લગ્નને લઈ ૪ જેટલા મુદ્દાઓ સરકાર સમક્ષ રજૂ કરશે

અમદાવાદ, તા.૧૨

સરદાર પટેલ સેવા દળની આગેવાની સુરતના પાસોદરા ખાતે સર્વ સમાજની બેઠક મળી હતી. કમિટીની રચના બાદ ૧૮૨ ધારાસભ્ય અને ૨૬ સાંસદોને કમિટી રૂબરૂ મળી લવ મેરેજના કાયદા સુધારા અંગે રજૂઆત કરશે.

નિકાલ નહિ આવે તો સર્વ સમાજને સાથે રાખીને સરકાર સામે આંદોલનની ચીમકી ઉચ્ચારવામાં આવી. સરદાર પટેલ સેવા દળ, એસ.પી.જી ગ્રુપના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજી પ્રમુખ દ્વારા થોડા મહિના અગાઉ લવ મેરેજ એક્ટ માં સુધારા કરવામાં આવે તે પ્રકારની રજુઆત કરવામાં આવી છે. ખાસ કરીને વિધર્મીઓ દ્વારા હિન્દૂ યુવતીને લવ જેહાદ માં ફસાવી તેની સાથે ખીલવાડ કરવામાં આવતો હોવાના કિસ્સાઓ સામે આવી રહ્યા છે. ત્યારે આજરોજ સુરતના પાસોદરા ખાતે સર્વે સમાજની ચિંતન શિબિર યોજાઈ હતી. SPG ગૃપ દ્વારા ચિંતન શિબિરમાં પાટીદાર સમાજ સહિત અનેક સમાજના આગેવાનો હાજર રહ્યા હતા.

SPG ગ્રુપના રાષ્ટ્રીય અધ્યક્ષ લાલજી પટેલ, કરણી સેનાના રાજ સેખાવત સહિત ૩૨ જેટલા વિવિધ સમાજના આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. ચિંતન બેઠક મુખ્યત્વે પ્રેમ લગ્નને લઈ ૪ જેટલા મુદ્દાઓ સરકાર સમક્ષ રજૂ કર્યા છે. જેમાં જે તે ગામમાં સ્થળે જ લગ્ન નોંધણી, લગ્ન નોંધણીમાં જે તે પોલીસનું વેરિફિકેશન, તલાટીથી લઈ મામલતદાર સુધીના ડોક્યુમેન્ટ વેરિફિકેશન તેમજ ખાસ પ્રેમ લગ્નમાં માતા પિતાની ફરજીયાત સહી માટે માંગણી કરવામાં આવી છે. લાલજી પટેલ સહિત કરણી સેનાના રાજ શેખવત સહિતના વિવિધ સમાજ દ્વારા એકસુરે સહમતી દર્શાવી હતી કે માંગ નહી સંતોષાય તો ઉગ્ર આંદોલન કરવાની ઉચ્ચારી ચીમકી ઉચ્ચારી છે. દીકરી લગ્ન કરે તેનો વાંધો નથી. પરંતુ દીકરી માતા પિતાને જણાવ્યા વિના લગ્ન કરે છે તેનો વાંધો છે. ભૂતકાળ માં પણ કાયદાના સુધારો કરવાના આવ્યો છે. અમે પ્રેમલગ્નના વિરોધી નથી પણ અમે દીકરી ખોટી વ્યક્તિને પસંદ કરે એના વિરોધી કરી રહ્યા હોવાનું જણાવ્યા હતું.

મીડિયા સંબંધતા વિગતો આપી હતી કે ૪૧૩૦ જેટલા ખોટા લગ્નો થયા છે. અને જેને લઈ ને આજે દરેક સમાજના લોકોએ ચિંતા કરી છે. કમિટી દ્વારા મુખ્યમંત્રી અને કાયદામંત્રીને મળીશે. કમિટી નક્કી કરશેએ રીતે આંદોલન કરાશે, ૧૮૨ ધારાસભ્યોને મળી તેમનું સમર્થન મેળવીશે. ૨૬ સાંસદો ને પણ મળી તેમનું સમર્થન લેવાશે જેથી ગાંધીનગર લઈને દિલ્હી સુધી માંગ પહોંચાડી શકાય.

સર્વ સમાજની યોજાયેલ ચિંતન શિબિરમાં રાજપૂત સમાજ,આહીર સમાજ,પાટીદાર સમાજ, પ્રજાપતિ સમાજ,આદિવાસી સમાજ સહિત વિવિધ ૩૨ સમાજના અગ્રણીઓ રહ્યા હાજર હતા.

# પાર્કિંગ સ્થળની ટેક્સ આકારણી અંગે સેંકડો લોકોને અસર કરતો AMCનો મોટો નિર્ણય

અમદાવાદ, તા.૧૨ : અમદાવાદ શહેરમાં પાર્કિંગ સ્થળની ટેક્સ આકારણી અંગે AMCની રેવન્યુ કમિટીની બેઠકમાં મોટો નિર્ણય લેવાયો છે. અત્યાર સુધી અનિશ્ચિતતા ધરાવતી નિતીને સત્તાવાર મંજૂરી અપાઈ છે. વાર્ષિક, અર્ધ વાર્ષિક, માસિક કે ત્રિ-માસિક પાર્કિંગ ફી વસુલતા એકમો પર હવેથી પ્રોપર્ટી ટેક્સ લાગશે. જો પાર્કિંગ ફી હશે તેમને કોઈપણ પ્રકારનો ટેક્ષ લાગશે નહીં. વર્ષોથી કરદાતાઓમાં પ્રવર્તિ રહેલી અનિશ્રીતતાનો હવે અંત આવશે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, શહેરમાં પાર્કિંગ સ્થળની ટેક્ષ આકારણી અંગે મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા એક મોટો નિર્ણય લેવામાં આવ્યો છે. રેવન્યુ કમિટીની બેઠકમાં સેંકડો લોકોને અસર કરતો મહત્વનો નિર્ણય લેવાયો છે. અત્યાર સુધી અનિશ્ચિતતા ધરાવતી નીતિને સત્તાવાર મંજૂરી આપવામાં આવી હતી. વાર્ષિક, અર્ધ વાર્ષિક, માસિક કે ત્રિ માસીક પાર્કિંગ ફી વસુલતા એકમો પર હવેથી પ્રોપર્ટી ટેક્સ લાગશે. એએમસીએ જણાવ્યું છે કે જે પાર્કિંગ ફી હશે એમને કોઈપણ પ્રકારનો ટેક્ષ લાગશે નહી. રેવન્યુ કમિટી ચેરમેને આ વિશે જણાવ્યું હતું કે, સિનેમા, કન્ટ્રક્શન, મોલ સહીતના એકમોને આ નિર્ણયનો મોટો ફાયદો થશે. ફ્રી પાર્કિંગ આપવા રહેઠાણમાં શેડ રાખવામાં આવશે તો ટેક્ષ લાગશે નહી, પણ શેડ કાયદેસર હોવો જોઈએ. ગેરકાયદેસર શેડ હશે તો એસ્ટેટ વિભાગ નિયમ મુજબની કાર્યવાહી કરી શકશે. વર્ષોથી કરદાતાઓમાં પ્રવર્તી રહેલી અનિશ્ચિતતાનો અંત આવશે.

### અંતિમ સંસ્કારની પ્રક્રિયામાં, મહિલા સ્વયંસેવકોએ ભરતપુર સ્મશાનભૂમિમાં ચિતા પ્રગટાવી

# બાલાસોર ટ્રેન અકસ્માત : ૪ મહિના પછી ૨૮ લાવારિશ મૃતદેહોના અંતિમ સંસ્કારની પ્રક્રિયા પૂર્ણ

(જી.એન.એસ)

ઓડિશા,તા.૧૨



ઓડિશાના બાલાસોર જિલ્લામાં એક ટ્રેન દુર્ઘટનામાં અનેક લોકોએ જીવ ગુમાવ્યા છે. મૃતકોમાં કેટલાક મૃતદેહો એવા પણ હતા જેની ઓળખ અકસ્માતના ચાર મહિના પછી પણ થઈ શકી નથી. આવી સ્થિતિમાં, દાવો કર્યા વિના પડેલા આ ૨૮ મૃતદેહોના અંતિમ સંસ્કારની પ્રક્રિયા હવે પૂર્ણ થઈ ગઈ છે. દરમિયાન, મ્સ્ઝ મેયર સુલોચના દાસે જણાવ્યું હતું કે ભુવનેશ્વર મ્યુનિસિપલ કોર્પોરેશન દ્વારા મંગળવારથી લાવારસ મૃતદેહોના અગ્નિસંસ્કારનું કાર્ય શરૂ કરવામાં આવ્યું હતું, જે બુધવારે સવાર સુધીમાં પૂર્ણ થયું હતું.. આ વિશે માહિતી આપતા મ્સ્ઝ મેયરે કહ્યું કે અંતિમ સંસ્કારની પ્રક્રિયામાં, મહિલા સ્વયંસેવકોએ, પરંપરાઓને તોડીને આગળ આવી અને ભાગ લીધો અને ભરતપુર સ્મશાનભૂમિમાં ચિતા પ્રગટાવી. મેયરે કહ્યું કે મહિલાઓને એ પણ ખબર નથી કે મૃતક કયા ધર્મનો છે, તે પુરુષ છે કે મહિલા, તેનાથી તેમને કોઈ ફરક પડતો નથી. આ સાથે તેણે જણાવ્યું કે આ મૃતદેહોને છેલ્લા ૪ મહિનાથી ડીપ ફ્રીઝર કન્ટેનરમાં રાખવામાં આવ્યા હતા.. પ્રથમ ત્રણ મૃતદેહોના અંતિમ સંસ્કાર મધુસ્મિતા પ્રુસ્ટી, સ્મિતા મોહંતી અને સ્વાગતિકા રાવ દ્વારા કરવામાં આવ્યા હતા. આ મહિલાઓએ જણાવ્યું કે તેઓ પોતાની મરજીથી અંતિમ સંસ્કારમાં ભાગ લેવા આવી છે. તેણીને ખબર નથી કે તે વ્યક્તિ જેની અંતિમવિધિમાં તે આગ લગાવી રહી છે તે કોણ છે અને તે કયા ધર્મનો છે. આ મહિલાઓએ કહ્યું કે મૃતક ભલે ગમે તે હોય, એક માણસ હોવાના નાતે તેને સન્માન સાથે વિદાય આપવી મહત્વપૂર્ણ છે.. અંતિમ સંસ્કાર કરતા પહેલા કોર્પોરેશન દ્વારા સંપૂર્ણ તૈયારીઓ કરવામાં આવી હતી. અંતિમ સંસ્કારની ચિતા પ્રગટાવવા અને અસ્થિના ટુકડાને પાણીમાં ડૂબાડવા માટે એક દ્રર્દની નિમણૂક કરવામાં આવી હતી. બીએમસી અધિકારીના જણાવ્યા અનુસાર, દાવા વગરના મૃતદેહોને અંતિમ સંસ્કાર માટે સોંપવાની સમગ્ર પ્રક્રિયાની વીડિયોગ્રાફી કરવામાં આવી છે.. નોંધનીય છે કે ૨ જૂનના રોજ બાલાસોર જિલ્લામાં શાલીમાર-ચેન્નઈ સેન્ટ્રલ કોરોમંડલ એક્સપ્રેસ, બેંગલુરુ-હાવડા સુપરફાસ્ટ એક્સપ્રેસ અને એક માલસામાન ટ્રેન વચ્ચે જોરદાર ટક્કર થઈ હતી. આ ત્રિપલ અકસ્માતમાં ૨૯૭ લોકોના મોત થયા હતા. હાલ સીબીઆઈ આ અકસ્માતની તપાસ કરી રહી છે.

## આપની આવતીકાલ કેવી જશે...?

**:: રત્નકણીકા ::**

જે મનુષ્ય ધાર્મિક છે તેના રાત-દિવસ સફળ થઈ જાય છે.

- ભગવાન મહાવીર

**: આજનું પંચાંગ :**

વિક્રમ સં. ૨૦૭૯, શા. શાકે. ૧૯૪૫, પા.અર્દીબહેસ્ત-૧૩૯૩, મુ. રબી-ઉલ્લ-અવ્વલ-૧૪૪૫, જૈન વીર સં.-૨૫૪૯, કચ્છી સં. ૨૦૮૦, ભાદરવા વદ-૧૩ તેરસનું શ્રાધ્ધ, કલિયુગાદી, શિવરાત્રી તા.૧૨ ઓક્ટોબર ૨૦૨૩, ગુરૂવાર, પારસી તા.૨૮, મુસ્લિમ તા.૨૬, પૂર્વાફાલ્ગુની નક્ષત્ર, શુક્લ યોગ, ગર કરણ, સૂ.ઉ.૬:૪૮, સૂ.અ.૬:૨૭

આજનો દિવસ અશુભ છે.

આજે જન્મેલા બાળકની રાશી સિંહ (મ ટ), સાંજે ૬:૧૭ ક. પછી જન્મેલા બાળકની રાશી કન્યા (પ ઠ ણ) છે.

- કનકચંદ્ર સી. વ્યાસ

મેષ: માનસિક અસ્વસ્થતા રહે. સ્વજન સાથે મતભેદ થાય.
વૃષભ:આર્થિક પ્રશ્નો ઉકેલાય. આરોગ્ય બાબતે સંભાળવું.
મિથુન:ધીરજના ફળ મીઠા જાણવા. અગત્યના કાર્યમાં વિઘ્ન આવે.
કર્ક: અકારણ મનમાં અશાંતિ અનુભવાય. મહત્વનું કાર્ય અટકે.
સિંહ: આર્થિક સમસ્યા ઉકેલાઈ જાય. તમારી ઈચ્છા ફળતી લાગે.
કન્યા: માનસિક અશાંતિ દૂર થાય. આત્મવિશ્વાસમાં વધારો થાય.
તુલા: મનની મુરાદ પૂરી થાય. ધન લાભના યોગ છે.
વૃશ્ચિક:આર્થિક સમસ્યા દૂર થાય. પ્રવાસથી લાભ થાય.
ધન: ગૃહજીવનમાં આનંદનો વધારો થાય. મહત્વની સમસ્યા ઉકેલાય.
મકર: ગૃહજીવનને લગતા કાર્યમાં સફળતા મળે. નાણાંકીય લાભ મળે.
કુંભ: આવકની તક સાંપડે. નવી ઓળખાણ લાભ આપી જાય.
મીન: પુરૂષાર્થ પ્રમાણે ફળ મળે. સંતાનવર્ગ સાથે સંઘર્ષમાં ન ઉતરવું.

# શ્રાદ્ધના દિવસોમાં શું ન કરવું જોઈએ..?

પિતૃ પક્ષ, મહાલય કે શ્રાદ્ધ પક્ષમાં શુભ કાર્યો કે માંગલિક કાર્ય ન કરવા જોઈએ તે આપણે સૌ જાણીએ છીએ. શ્રાદ્ધ પક્ષની મર્યાદા સમજી લોકો આવા કાર્યો કરવાનું ટાળે છે. પરંતુ આ બીજી પણ કેટલીક બાબતોની ખાસ સંભાળ રાખવી જોઈએ. જો તેમાં બેદરકારી રહી જાય તો આપણા પૂર્વજો નારાજ થાય છે અથવા તો તેનાથી તેમને દુઃખ થાય છે. શ્રાદ્ધના દિવસોમાં ઘરમાં કે પરિવારમાં કોઈપણ જાતના કંકાસથી દૂર રહેવું જોઈએ. ઘરના બાળકોને માર મારવો કે તેમને ધમકાવવા ન જોઈએ. આ સમય દરમિયાન ઘરની સ્ત્રીઓને દુઃખ પહોંચાડવું કે તેમનું અપમાન કરવું તેને સૌથી ખરાબ કૃત્ય માનવામાં આવ્યું છે. પિતૃ દેવતાઓ આ સમયે તમારી પાસે શાંતિ મેળવવાની અપેક્ષાએ આવે છે ત્યારે આવા પ્રકારના વર્તનથી તે આશીર્વાદ દેવાના બદલે નારાજ થઈને જાય છે. તેથી ઊલટું પરિવારમાં સ્નેહ સંપ જોઈને તે પ્રસન્ન થઈ આર્શીવાદ આપીને જાય છે. આ સમયમાં ખરાબ કર્મો કરવા, ખોટું બોલવું, સટ્ટો કે જુગાર રમવું, અપશબ્દ બોલવો, કોઈની સાથે છળકપટ કરવું, બ્રહ્મચર્યનું પાલન ન કરવુ, અ પવિત્ર આહાર ખાવા પીવા જેવા કર્મો કરવાથી પણ પિતૃ દેવતાઓ અત્યંત નારાજ થાય છે. શ્રાદ્ધના દિવસે પરિવારના સભ્યો ને આમંત્રણ દેવામાં ભેદભાવ રાખવો, આમંત્રણ દેવાનું ટાળવું, પરિવારની દીકરી - જમાઈ કે તેમના બાળકો ને આમંત્રણ દેવાનું ટાળવું, પરિવારના કોઈ પણ સભ્યની હાંસી ઉડાવવી, પરિવારના સભ્યોમાં કોઈને મહેણા મારવા કે તેમના ઉપર કટાક્ષ કરવો જેવા કાર્યોથી દૂર રહેવું જોઈએ. શ્રાદ્ધ કર્મ કરતી વખતે પિતૃ દેવતાઓનું મન કર્મ વચન થી સ્મરણ કરવું જોઈએ. શ્રાદ્ધાદિક ક્રિયાઓ શ્રદ્ધા સાથે એકાગ્ર ચિતે કરવી જોઈએ. તેમાં ઉપયોગમાં લેવા આવતા પદાર્થો પવિત્ર અને શુદ્ધ હોવા જોઈએ, શ્રદ્ધાદિક કર્મો માં ઉતાવળ ન કરતા શાંતિથી ધીરજ રાખીને કરવા જોઈએ. આ કર્મમાં કોઈપણ પ્રકારની શંકા રાખ્યા વિના વિશ્વાસથી શ્રાદ્ધ કર્મ કરવું જોઈએ. આ દિવસે ઘરના આંગણે આવેલા કાગડા, ગાય, કુતરા, અચાનક આવી ચડેલા અતિથિ કે ભિક્ષુકને ભૂખ્યા પાછા જવા દેવા જોઈએ નહીં. એમાં પણ જો અચાનક કોઈ અતિથિ આવી ચડે તો તેનો વિશેષ આદર સત્કાર કરી તેને પણ ભોજન વિના જવા દેવા જોઈએ નહીં. આ દિવસે ભૂલથી પણ કોઈનું અપમાન કરવું જોઈએ નહીં. શ્રાદ્ધના દિવસે ઘરના સભ્યોના કપડા ધોઈ શકાય નહીં. તેની સાથે માથું ધોવાની પણ મનાઈ છે. આ દિવસે વાળ, દાઢી કે નખ કાપવાની પણ મનાઈ છે. સાબુ, શેમ્પૂ કે માથાના કોઈપણ પ્રકારના તેલનો ઉપયોગ કરી શકાય નહીં. જ્યારે ઘરમાં કોઈની શ્રાદ્ધની તિથિ હોય ત્યારે તે દિવસે યાત્રા કરવાનું ટાળવું જોઈએ. આ દિવસે મુસાફરી કરવાની મનાઈ છે જો શક્ય હોય તો બહારગામ હોઈએ તો પણ આ દિવસે પોતાના નિવાસસ્થાને પાછા પહોંચી આવવાનો પ્રયત્ન કરવો જોઈએ. આજે આધુનિક યુગમાં સંયુક્ત કુટુંબ માં રહેનારા પરિવારોની સંખ્યા ઘટી રહી છે. સામાન્ય રીતે તેની પાછળના ઘણા કારણો હોઈ શકે. પરંતુ જો બે ભાઈ કે તેથી વધુ ભાઈઓ હોય અને અલગ અલગ રહેતા હોય તો પણ શ્રાદ્ધના દિવસે સૌ એ સાથે મળી અને શ્રાદ્ધ કર્મ કરવું જોઈએ. શક્ય હોય તો બંને ટાઈમ પરિવારના તમામ સભ્યોએ સાથે મળી અને ભોજન ગ્રહણ કરવું જોઈએ. જો શ્રાદ્ધમાં તર્પણ અને પિંડદાન ની વિધિ કરવામાં આવે તો તર્પણ બને ત્યાં સુધી ત્રાંબાના પાત્રમાં જ કરવું જોઈએ. તેની અવેજીમાં પિત્તળના પાત્ર ચાલે પરંતુ કોઈ પણ સંજોગોમાં લોખંડ કે સ્ટીલ ના પાત્રમાં તર્પણ કરવું જોઈએ નહીં. તેવી જ રીતે પિંડદાન કરવાનું હોય તો ભૂમિ માતા સદાય પવિત્ર છે તેમ છતાં ગાયના છાણ થી લિપ્યા વિનાની ભૂમિ પર પિંડદાન કોઈપણ કાળે કરવું જોઈએ નહીં.

**શ્રાદ્ધ - સરિતા :-દેવેન કનકચંદ્ર વ્યાસ**

# હજારો કરોડના રોકાણની વાતો વચ્ચે સચ્ચાઈ એ છે કે હાલ બજારમાં ભારે મંદીનો માહોલ છે

## તહેવારોની સિઝન સામે હોવા છતાં હજુ સુધી બજારમાં માંગનો અભાવ, વેચાણના આંકડા પણ ખૂબ નીચા, કાપડ, ડાયમંડ ક્ષેત્રની મંદી આ વાતનો પુરાવો છે

## માત્ર મોટા મોલો કે મોટી-મોટી ઈમારતો ઊભી થઈ જવાથી બજારમાં ભારે તેજી છે તેવું માની લેવું ભૂલ ભરેલ : હીરા ઘસવાના કામમાં પહેલાં મહિને રૂા. ૨૦ હજાર મળતા પણ હવે આ આવક રૂા.દસ હજારથી નીચે પહોંચી જતાં ઘરનું ગુજરાન ચલાવવું પણ મુશ્કેલ અન્ય વેપારીઓને પણ ખર્ચ કાઢવા મુશ્કેલ છે

અમદાવાદ,તા.૧૨

એક તરફ હજારો કરોડનું રોકાણ આવી રહ્યાની અને બધું ખૂબ જ સારી રીતે ચાલી રહ્યું હોવાની વાતો થઈ રહી છે. પણ જો જમીન ઉપરની વાસ્તવિકતા ચકાસવામાં આવે તો સ્થિતિ તદ્દન વિપરીત જણાશે. તહેવારોની સિઝન સામે હોવા છતાં હાલ બજારમાં કે ઉદ્યોગોમાં જોઈએ તેવી તેજી જોવા મળી રહી નથી.વેચાણના આંકડા ખૂબ જ નીચા છે. મંદી હોવાથી લોકોના પગારધોરણોમાં પણ વધારો થઈ રહ્યો નથી. જેથી આવી મોંઘવારીમાં સામાન્ય માનવીને ઘરના ખર્ચા કાઢવા પણ કપરૂં થઈ પડયું છે. એટલું જ નહીં વેપારીઓના માટે પણ ખર્ચા કાઢવા મુશ્કેલ થઈ રહ્યાનું જણાઈ રહ્યું છે. કેમ કે બજારમાં હજુ સુધી વેચાણનો ગ્રાફ જોઈએ તેવો ઉંચકાયો નથી. જે ચિંતાજનક બાબત છે. સામાન્ય રીતે દિવાળી પહેલા આ સમયગાળાથી જ બજારની ચાલ ઉપરથી તેજી મંદીનાઅંદાજ આવી જાય છે. પણ હાલ બજારની જે રીતની ચાલ છે તે અર્થતંત્ર માટે વિચાર માંગી લે તેવી છે. લોકો વચ્ચે એવું પણ ચર્ચાઈ રહ્યું છે કે, માત્ર મોટા મોટા મોલ કે મોટી મોટી ઈમારતો બનાવી લેવાથી ખૂબ જ તેજી છે તેવું માની લેવું ભૂલ ભરેલું છે. કેમ કે, અમદાવાદ જેવા શહેરમાં જ ઘણાં એવા ઉદાહરણો જોવા મળી રહેશે જ્યાં ઈમારતો બનીને તૈયાર છે પણ વેચાણના જે આંકડા પ્રાપ્ત થવા જોઈએ તે થઈ રહ્યા નથી. મોલો પણ સન્નાટો જોવા મળી રહ્યો છે. ઘણાં મોલો તો બંધ હાલતમાં પણ જણાય છે. બજારની આવી ચાલ કંઈક અલગ જ સ્થિતિ હોવાની દલીલ કરી રહ્યા છે. જેથી નાના વેપારીઓથી માંડી મોટા વેપારીઓ પણ પરેશાન થયા છે. અને દિવાળી આસપાસના સપ્તાહ દરમ્યાન વેચાણ વધે તેવી આશા લગાવીને બેઠા છે.

હાલ કાપડ અને ડાયમંડ બજારમાં જોવા મળી રહેલી મંદી એ વાતનો પુરાવો છે કે, 'જોઈએ તેવી તેજી તો નથી જ'. મંદીના આ કારણો તપાસી બજારમાં તેજી આવે અને વેચાણ વધે તેવા પગલાં ભરવા સમયની માંગ છે. સુરત બાદ અમદાવાદ શહેરનો ડાયમંડ બિઝનેસ પણ મંદીમાં સપડાયો છે. અગાઉ એવું કારણ અપાતું હતું કે, યુક્રેન અને રશિયા વચ્ચેના યુદ્ધના કારણે ડાયમંડ બિઝનેસમાં મંદી છે. પણ હાલ યુક્રેન અને રશિયા વચ્ચેનું યુદ્ધ તેની પરાકાષ્ઠા વટાવી ચૂકયું છે છતાં ડાયમંડ ઉદ્યોગ તેજીની રાહ જોઈ બેઠું છે. અત્રે ઉલ્લેખનિય છે કે, યુદ્ધની અસરનો કારણે રશિયાથી હીરાનો ૭૦ ટકા કાચોમાલ આવવાનો બંધ થઈ ગયો હતો. જો કે હાલ યુક્રેન અને રશિયા વચ્ચેનું યુદ્ધશાંત દેખાય છે છતાં ડાયમંડ ઉદ્યોગમાં કેમ મંદી પ્રવર્તી રહી છે તેના ચોક્કસ કારણ તપાસવા જરૂરી બન્યું છે.

કાપડ ક્ષેત્રની પણ આવી જ સ્થિતિ છે. જો કે વેપારીઓને એવી આશા છે કે, દિવાળીના છેલ્લા દિવસમાં ખરીદી નીકળી શકે છે પણ તે માત્ર ટર્ન ઓવર કરવા પૂરતી સાબિત ન થાય તો સારૂં. ડાયમંડ જગતના વેપારીઓને હવે એવી આશા છે કે, દિવાળી બાદ 'અચ્છે દિન' આવશે. અને હવે 'અચ્છે દિન' આવે તો સારૂં.



છેલ્લા ૨૦ વર્ષથી અમદાવાદના બાપુનગર વિસ્તારમાં હીરા ઘસવાનું કામ કરતા સુમિતભાઈ ગળધરીયા હાલ મુશ્કેલીમાં મુકાયા છે. કારણ કે, હીરા ઉદ્યોગ મંદીમાં સપડાયો છે સુમિતભાઈનું કહેવું છે કે, મંદીના કારણે પરિવારનું ગુજરાન ચલાવવું પણ ખૂબ મુશ્કેલ પડી રહ્યું છે. આ સાથે જ બાળકોને અભ્યાસ માટેની ફી ભરવામાં મુશ્કેલી પડી રહી છે. એક સમય હતો કે, હીરા ઘસવાના આ કામમાં મહિને ૧૫ હજારથી ૨૦,૦૦૦ જેટલુંકામ થતું હતું. પરંતુ હવે એ આવક ૧૦,૦૦૦થી નીચેની થઈ ગઈ છે. હવે ડાયમંડ ઉદ્યોગમાં તેજી આવે તો અમારી દિવાળી સુધરી શકે. વર્ષોથી ગુજરાતમાં સુરતને ભલે ડાયમંડ નગરી કહેવાતી હોય પણ અમદાવાદમાં મિલો બંધ થયા પછી શહેરને આર્થિક રીતે સધ્ધર રાખવામાં હીરા ઉદ્યોગનો મહત્વનો ફાળો રહ્યો છે. સમય જતાં બિઝનેસમાં તેજી મંદી રહેતા અનેક વેપારીઓ અન્ય ધંધામાં ડાયવર્ટ થઈ ગયા. છતાં હજુ પણ અમદાવાદના ઘણા વેપારીઓ ડાયમંડ બિઝનેસ સાથે સંકળાયેલા છે. જેઓ હાલ રશિયા અને યુક્રેન ના યુદ્ધના કારણે મંદીનો માર સહન કરી રહ્યા છે. પણ હવે દિવાળી પછી ઉદ્યોગને સારા દિવસો આવે તેવી આશ વેપારીઓ લગાવીને બેઠા છે. વિવેકાનંદ ડાયમંડ એસોસિયેશનના પ્રમુખ નરસિંહભાઈ પટેલ જણાવે છે કે અમદાવાદ પૂર્વ વિસ્તાર નાના મોટા ૭૦૦ કારખાના છે અને સવા લાખથી વધુ લોકો રોજગારી મેળવી રહ્યા છે. હાલમાં જી રાષ્ટ્રોના નિર્ણયથી ભારતમાં રફ માલની આયાત સરળતાથી થઈ શકશે. તો અમદાવાદ ડાયમંડ એસોસિયેશનના પૂર્વ મંત્રી મગનભાઈ પટેલ પણ દિવાળી બાદ હીરા ઉદ્યોગના સારા દિવસો આવે તેવી આશા રાખી રહ્યા છે. સમાન્ય રીતે દિવાળીમાં અમદાવાદમાં હીરા ઉદ્યોગમાં કારીગરોને ૨૦ દિવસનું વેકેશન હોય છે. જો મંદીના વાદળ હટશે તો વેકેશન ૧૨ દિવસનું થઈ જશે મંદી નહિ હટે તો દોઢ મહિનાનું વેકેશન નક્કી છે.

# કેનેડામાં કામ શોધવામાં વિદ્યાર્થીઓને મુશ્કેલી પડી રહી છે



નવી દિલ્હી, તા.૧૨

કેનેડાને લઈને ભારતીય સ્ટુડન્ટ્સની ચિંતાઓ સતત વધતી જાય છે. એક તરફ ભારત અને કેનેડા વચ્ચે ડિપ્લોમેટિક તણાવ ચાલે છે, બીજી તરફ ભારતીય વિદ્યાર્થીઓ માટે કેનેડામાં જોબની પણ અછત છે. તેના કારણે કેનેડામાં સેટલ થવાના ઈરાદાથી ત્યાંની કોલેજોમાં એડમિશન લેવું કે નહીં તે વિશે વિદ્યાર્થીઓમાં ગૂંચવણ છે. કેનેડાના વડાપ્રધાન જસ્ટિન ટૂડોએ ભારતીય એજન્ટો ઉપર કેનેડામાં ખાલિસ્તાન તરફી ઉગ્રવાદીની હત્યા કરવાનો આરોપ લાગ્યો ત્યારથી બંને દેશો વચ્ચે તણાવ પેદા થયો છે. આ ઉપરાંત કેનેડામાં જોબની તક પણ બહુ લિમિટેડ હોય તેવું ભારતીય વિદ્યાર્થીઓને લાગે છે. વર્ષ ૨૦૨૨માં કુલ ૨.૨૬ લાખ ભારતીય વિદ્યાર્થીઓ ભણવા માટે કેનેડા આવ્યા હતા. તેના કારણે કેનેડિયન એજ્યુકેશન સંસ્થાઓમાં ભારતીય સ્ટુડન્ટની ટકાવારી ઘણી ઉંચી છે. ગ્લોબલ એજ્યુકેશન રિસર્ચ કંપનીના ડેટા મુજબ કેનેડામાં તમામ એજ્યુકેશન લેવલ ઉપર ઈન્ટરનેશનલ સ્ટુડન્ટ્સની સંખ્યા ૮.૦૭ લાખ હતી. જેમાં હાયર એજ્યુકેશન માટે આવેલા વિદ્યાર્થીઓ પણ સામેલ છે. તેમાંથી ૫.૫૧ લાખ સ્ટુડન્ટ્સને ગયા વર્ષે કેનેડાની સ્ટડી પરમિટ મળી હતી. રિસર્ચ કંપનીનો દાવો છે કે ૨૦૨૨માં કેનેડામાં ભારતીયો પાસે સૌથી વધુ સ્ટડી પરમિટ હતી. ભારતના લગભગ ૨.૨૬ લાખ સ્ટુડન્ટ સ્ટડી પરમિટ ધરાવતા હતા. હરવિંદર સિંહ નામના એક વિદ્યાર્થીએ કહ્યું કે ભારત અને કેનેડા વચ્ચેના ડિપ્લોમેટિક વિવાદને હું ગંભીરતાથી નથી લેતો. મને મારા ભવિષ્યની ચિંતા છે. અહીં અત્યારે નોકરીઓની અને રોજગારીની તકની ભારે અછત છે. મને એ ચિંતા છે કે હું અહીં અભ્યાસ પૂરો કરીશ પછી મને કામ મળી શકશે કે નહીં. ગ્રેટર ટોરોન્ટો નજીકની કોલેજોમાં ભણતા બીજા કેટલાક ભારતીય વિદ્યાર્થીઓએ પણ આવી જ ચિંતા વ્યક્ત કરી હતી. પ્રિતેશ નામના એક સ્ટુડન્ટે જણાવ્યું કે તે ગ્રેટર ટોરોન્ટો નજીક એક સંસ્થામાં હેલ્થ સર્વિસનો કોર્સ કરે છે. તેણે અને તેના મિત્રને ભારત-કેનેડા વચ્ચેના ડિપ્લોમેટિક વિવાદની કોઈ અસર નથી પડી. પરંતુ કેનેડામાં ભણતર પૂરૂં કર્યા પછી તેને સારી જોબ મળશે કે નહીં તે ચિંતાના કારણે તેની ઉંઘ ઉડી ગઈ છે. તેણે કહ્યું કે હું એવા ઘણા ભારતીય વિદ્યાર્થીઓને ઓળખું છું જેઓ અહીં મેડિકલ ડિગ્રી ધરાવતા હોવા છતાં સારા પગારની જોબ નથી મળતી. તેઓ હાઈ ક્વોલિટી એજ્યુકેશન ધરાવતા હોવા છતાં કેબ ચલાવે છે, ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં નોકરી કરે છે કે રેસ્ટોરન્ટમાં બિલ કાઉન્ટર ઉપર બેસે છે. અમારા માટે આ બહુ ચેલેન્જિંગ સ્થિતિ છે. કેનેડાના ટોરોન્ટો અને બીજા શહેરોમાં છેલ્લા બે -ત્રણ વર્ષમાં લિવિંગ કોસ્ટ પણ એટલો બધો વધી ગયો છે કે નાની મોટી નોકરી કરીને ટકી રહેવું મુશ્કેલ છે. હરિયાણાથી ભણવા આવેલા એક ભારતીય વિદ્યાર્થીએ જણાવ્યું કે અમે એવી આશાએ કેનેડા આવ્યા હતા કે એક વખત અહીં ડિગ્રી મળી જાય ત્યાર પછી અમને સારા પગારની જોબ મળી જશે અને અમે ભારત અમારા માતાપિતાને ડોલર મોકલી શકશું. પરંતુ અમારી પાસે કોઈ જોબ નથી, કોસ્ટ ઓફ લિવિંગ વધતો જાય છે, હેલ્થકેરનો ભારે ખર્ચ આવે છે તેના કારણે એક-એક દિવસ કાઢવા મુશ્કેલ છે. આવી સ્થિતિમાં અમે ઘરે ડોલર મોકલવાનું તો વિચારી પણ શકતા નથી.

# ભારત-બાંગ્લાદેશ બોર્ડર ઉપરના ગામમાં હિંદુઓ અને મુસ્લિમો "નો મેન લેન્ડ"માં દુર્ગા પૂજાની ઉજવણી માટે તૈયારી કરી રહ્યા છે

(એજન્સી) તા.૧૨

આસામના કરીમગંજ જિલ્લામાં ભારત-બાંગ્લાદેશ સરહદે આવેલા ગોવિંદાપુર ગામમાં ૪૪ પરિવારોનું રોજિંદું જીવન સામાન્ય હોતું નથી કારણ કે આ ગામ આ બે દેશોની આંતરરાષ્ટ્રીય સરહદો વચ્ચેના નો મેન લેન્ડ ઝોનમાં આવે છે. આસામના બરાક ખીણ વિસ્તારોમાં ૧૯૯૪માં ૧૨૪-કિમી લાંબી કાંટાળા તારની ફેન્સિંગનું કામ શરૂ થયું હતું. જો કે ગોવિંદાપુર ગામના રહેવાસીઓને મતદાનનો અધિકાર છે, તેઓ ભારતીય નાગરિક છે, તેમ છતાં ગ્રામજનોએ ઘણા નિયમોનું પાલન કરવું પડે છે. આ વાડના દરવાજા સવારે ખોલવામાં આવે છે અને સાંજ પડતા પહેલા બોર્ડર સિક્યુરિટી ફોર્સ (BSF) દ્વારા બંધ કરવામાં આવે છે. ગ્રામજનોએ આ સમયની અંદર તેમના ઘરે પરત ફરવું પડે છે. તદુપરાંત, અધિકારીઓની યોગ્ય પરવાનગી વિના બહારના લોકો ગામમાં પ્રવેશી શકતા નથી. જો કે, આ ગામમાં દુર્ગા પૂજાની ઉજવણી સંપૂર્ણ ઉત્સાહ સાથે થાય છે. ગોવિંદાપુર ગામમાં ૧૦૦ વર્ષથી વધુ સમયથી દુર્ગા પૂજાના આયોજનનો ઈતિહાસ છે. આ ગામમાં એક નાનું મંદિર છે જ્યાં દર વર્ષે પૂજાનું આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ દુર્ગા પૂજાની ઉજવણી માટે ગામમાં તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. ગામના બિરેન્દ્ર નમસુદ્રાએ કહ્યું કે, અમે ભાગલાને કારણે ભારતીય મુખ્ય ભૂમિથી અલગ થઈ ગયા હતા. જો કે, અમે અમારા પૈતૃક ઘર છોડવા માંગતા ન હતા. સરહદ ઉપર ઘણા નિયમો છે. બીએસએફની પોલિસી મુજબ અમારે સાંજ પહેલા ગામમાં પરત ફરવું પડે છે. પરિણામે, અમને દુર્ગા પૂજા દરમિયાન પંડાલની તક મળતી નથી. ગ્રામજનોના જણાવ્યા મુજબ આ ગામમાં ૧૦૦ વર્ષથી વધુ સમયથી દુર્ગાની પૂજા કરવામાં આવે છે. તેઓએ દાવો કર્યો કે તેઓને દેવી દુર્ગાનું વરદાન છે અને તેથી જ તેઓ પૂજા ચાલુ રાખી શકે છે. ગ્રામજનોની આર્થિક સ્થિતિ સારી નથી. પરંતુ દુર્ગા પૂજા દરમ્યાન આખા ગામને શણગારવામાં આવે છે અને સાંજે મંગલ આરતી પણ થાય છે. અષ્ટમી અને નવમીની રાત્રે પૂજાના આયોજનમાં મદદ પણ કરે છે. સુરક્ષા દળોના સૈનિકો આર્થિક દાન, પીવાના પાણીની જોગવાઈ, પંડાલનું નિર્માણ, લાઈટિંગ અને વિવિધ સામગ્રી આપીને મદદ કરે છે. કરીમગંજ જિલ્લો બાંગ્લાદેશ સાથે 92-km-લાંબી સરહદ ધરાવે છે. ગોવિંદાપુર ઉપરાંત, વાડની પેલે પાર આઠ ભારતીય ગામો આવેલા છે. કરીમગંજમાં ફેન્સીંગની બહારના અન્ય ગામો છે લફાશૈલ, જરાપાટા, લટુકાંડી, કુઓરબાગ, મહિસાહાન, તેસુઆ, બરમાગુલ અને દેવ તુલી. જો કે, અન્ય કોઈ ગામો દુર્ગા પૂજાની ઉજવણી કરતાં નથી. ગોવિંદાપુર ગામમાં ૪૪ ભારતીય પરિવારો છે; તેમાંથી ૪૨ હિંદુ છે અને બાકીના મુસ્લિમ છે. ગોવિંદપુર ગામના મુસ્લિમો પણ દુર્ગા પૂજાના ઉત્સવમાં જોડાય છે. આખું ગામ પૂજાના ચાર દિવસ આનંદથી પસાર કરે છે. અન્ય એક ગ્રામીણ, ટીટુ નમસુસરાએ જણાવ્યું હતું કે, કોવિડ-૧૯ રોગચાળા દરમ્યાન આર્થિક તંગીને કારણે અમારે દુર્ગા પૂજા અસ્થાયી રૂપે બંધ કરવી પડી હતી. અમે બહારના લોકોનો ટેકો માંગતા નથી; તે અમારી પોતાની દુર્ગા પૂજા છે. પરિસ્થિતિ સુધરતી હોવાથી, અમે પાછલા વર્ષથી ફરીથી ઉજવણી કરવાનું શરૂ કર્યું છે.

# BBC પત્રકારત્વમાં જનરેટિવ AIનું અન્વેષણ કરશે પરંતુ OpenAI વેબ ક્રાઉલરને અવરોધિત કરશે

(એજન્સી) તા.૧૨

બ્રિટિશ બ્રોડકાસ્ટિંગ કોર્પોરેશન (બીબીસી) એ કહ્યું છે કે તે પત્રકારત્વમાં જનરેટિવ આર્ટિફિશિયલ ઈન્ટેલિજન્સ (એઆઈ)ના ઉપયોગને સક્ષમ કરશે પરંતુ માનવ પ્રતિભાને બદલશે નહીં અથવા ઓપન એઆઈને તેની સામગ્રીમાં ફેરફાર કરવાની મંજૂરી આપશે નહીં. બીબીસીના નેશન્સ ડાયરેક્ટર, રોદ્રી ટાલ્ફન ડેવિસ દ્વારા એક બ્લોગ પોસ્ટમાં ગુરૂવારે જણાવ્યું હતું કે બીબીસી એ શોધવાનું વિચારી રહ્યું છે કે કેવી રીતે જનરેટિવ AI પત્રકારો અને સમાચાર વાચકો બંનેને મદદ કરી શકે. આગામી મહિનાઓમાં, આ સમાચાર કંપની સમાચાર રિપોર્ટિંગ અને ઉત્પાદન, સામગ્રી શોધવા, આર્કાઈવ્સ જાળવવા અને વ્યક્તિગત અનુભવો જેવા ક્ષેત્રોમાં જનરેટિવ AI અજમાવવાની યોજના ધરાવે છે. જો કે, બીબીસીએ નવી ટેક્નોલોજીને કારણે થતી સમસ્યાઓનો સ્વીકાર પણ કર્યો છે. આ વર્ષે ચેટGPT જ જેવા ચેટબોટ્સ અને મિડજર્ની જેવા ટેક્સ્ટ-ટુ-ઈમેજ જનરેટરને કારણે લોકપ્રિયતામાં વધારો થયો છે. આ પડકારોમાં કૉપિરાઈટ સમસ્યાઓ, ખોટી માહિતી, સંભવિત પૂર્વગ્રહ અને કાનૂની અથવા નૈતિક જોખમોનો સમાવેશ થાય છે. ઉદાહરણ તરીકે, અમે માનતા નથી કે જનરલ AI મોડલ્સને તાલીમ આપવા માટે અમારી પરવાનગી વિના BBC ડેટાના વર્તમાન 'સ્ક્રેપિંગ' એ જાહેર હિતમાં છે અને અમે ટેક્નોલોજી કંપનીઓ સાથે વધુ માળખાગત અને ટકાઉ અભિગમ સાથે સંમત થવા માંગીએ છીએ. તેથી જ અમે ઓપન એઆઈ અને કોમન ક્રોલ જેવા વેબ ક્રોલર્સને બીબીસીની વેબસાઈટ એક્સેસ કરતા અટકાવવા માટે પગલાં લીધાં છે. સમાચાર કંપનીએ AI અપનાવતી વખતે જાહેર હિતમાં કાર્ય કરવાનું વચન આપ્યું હતું અને કહ્યું હતું કે તે પારદર્શિતા સુનિશ્ચિત કરશે. તે AI-સંચાલિત સામગ્રીને જાહેરમાં ઓળખવાની અને જનરેટિવ AI સાથે સંકળાયેલી પ્રક્રિયાઓ ઉપર દેખરેખ રાખવા માટે માનવોનો ઉપયોગ કરવાની યોજના ધરાવે છે. બીબીસીએ એમ પણ કહ્યું કે આ ટેક્નોલૉજી માનવ પ્રતિભાનું સ્થાન લેશે નહીં. અમે હંમેશા પ્રતિભા અને સર્જનાત્મકતાને પ્રાધાન્ય આપીશું. કોઈ પણ ટેક્નોલોજી માનવ સર્જનાત્મકતાની નકલ કરી કે તેણે બદલી કરી શકતી નથી. અમે પત્રકારો, લેખકો અને બ્રોડકાસ્ટર્સ જેઓ તેમના ક્ષેત્રમાં શ્રેષ્ઠ છે તેમના દ્વારા અધિકૃત, માનવીય વાર્તાને હંમેશા પ્રાધાન્ય આપીશું અને યોગ્ય વળતર આપીશું. અમે તેમની સાથે મળીને કામ કરીશું જેથી તેઓ કેવી રીતે જનરેટિવ AIનો ઉપયોગ કરી શકે જેથી તેઓને નવી કામગીરી આગળ ધપાવવામાં મદદ મળી શકે.

# બિહાર બાદ રાજસ્થાનમાં કોંગ્રેસ સરકાર જાતિ સર્વેક્ષણ કરશે અને મધ્યપ્રદેશમાં તેને મુખ્ય એજન્ડા બનાવ્યો છે



નવી દિલ્હી, તા.૧૨

બિહારે તેના જાતિ સર્વેક્ષણના આંકડા જાહેર કર્યાના થોડા સમય પછી, હવે રાજસ્થાન અને મધ્યપ્રદેશમાં કોંગ્રેસ પક્ષે બંને રાજ્યોમાં આગામી ચૂંટણીઓ પહેલાં જાતિના સર્વેક્ષણને મુખ્ય ચૂંટણી મુદ્દો બનાવવાનો તેમનો ઈરાદો જાહેર કર્યો છે. અશોક ગેલહોતની આગેવાની હેઠળની કોંગ્રેસ સરકારે ૭ ઓક્ટોબરના રોજ સમાજના વિવિધ વર્ગોની સામાજિક-આર્થિક સ્થિતિ જાણવા માટે રાજસ્થાનમાં જાતિ આધારિત સર્વે કરવાનો આદેશ આપ્યો હતો. ગેહલોતે ધ હિન્દુને જણાવ્યું હતું કે, વસ્તી ગણતરી ફક્ત કેન્દ્ર સરકાર દ્વારા હાથ ધરવામાં આવી શકે છે, છતાં પણ રાજ્ય સરકાર પરિવારોનું સર્વે હાથ ધરવું એ તેના અધિકારોમાં છે જેમાં તેમની આર્થિક સ્થિતિ પણ જાહેર કરવામાં આવશે. આ એક મોટો નિર્ણય છે જેના માટે અમારી પાર્ટી પ્રતિબદ્ધ છે. અમે તેને આગળ ધપાવીશું. સત્તાવાર સૂત્રોએ હિન્દુને જણાવ્યું હતું કે, રાજસ્થાનમાં ડિસેમ્બરમાં થનારી વિધાનસભાની ચૂંટણી પહેલાં આદર્શ આચારસંહિતા લાગુ કરવામાં આવશે, તેથી સર્વેના ડેટાની રજૂઆત ચૂંટણી પંચની મંજૂરીને આધીન હોઈ શકે છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતા રણદીપ સુરજેવાલાએ હિન્દુસ્તાન ટાઈમ્સને જણાવ્યું હતું કે, કમલનાથજી અને મધ્ય પ્રદેશ કોંગ્રેસના અન્ય સાથીદારોએ બેઠકમાં જણાવ્યું હતું, જાતિ ગણતરીએ મધ્યપ્રદેશમાં કોંગ્રેસનો પ્રાથમિક મુદ્દો રહેશે. અમારો મુખ્ય મુદ્દો અમારા OBC, SC અને ST ભાઈઓ અને બહેનોને ન્યાય આપવાનો છે. જાતિ સર્વેક્ષણ આ વર્ષે જાન્યુઆરીમાં બિહારમાં શરૂ કરવામાં આવ્યું હતું અને મે મહિનામાં પટના હાઈકોર્ટે તેને અસ્થાયી રૂપે અટકાવી દીધું હતું. ઓગસ્ટમાં, હાઈકોર્ટે કહ્યું હતું કે, સર્વે સંપૂર્ણ રીતે માન્ય હતું અને યોગ્યતા સાથે શરૂ કરવામાં આવી હતી. ડેટામાં દર્શાવ્યા મુજબ, બિહારના જાતિ સર્વેક્ષણમાં જાણવા મળ્યું છે કે અત્યંત પછાત વર્ગો (EBC) રાજ્યની વસ્તીના ૩૬.૦૧% છે, જ્યારે અન્ય પછાત વર્ગો (OBC)એ વધારાના ૨૭.૧૨% ફાળો આપ્યો છે. અન્ય ૨૦% અનુસૂચિત જાતિ (SC) અને ૧.૬% અનુસૂચિત જનજાતિ (ST)ના છે જ્યારે સામાન્ય શ્રેણી લગભગ ૧૫% છે. વિપક્ષીઓના ઈન્ડિયા જૂથે રાષ્ટ્રીય સ્તરે આવી કવાયત હાથ ધરવા માટે કેન્દ્ર સરકાર ઉપર દબાણ કરવા સાથે જાતિની વસ્તી ગણતરી કરવી એક રાજકીય મુદ્દો બની ગઈ છે. જ્યારે કોંગ્રેસની આગેવાની હેઠળની સરકારે ૨૦૧૧-૧૨માં સામાજિક-આર્થિક અને જાતિ વસ્તી ગણતરી (SECC) હાથ ધરી હતી, ત્યારે ડેટા ક્યારેય જાહેર કરવામાં આવ્યો ન હતો

**ભાજપ શાસિત રાજ્યો જાતિ ગણતરી કેમ કરી રહ્યા નથી : કોંગ્રેસ**

કોંગ્રેસે રોજ જાતિની વસ્તી ગણતરીના મુદ્દે વડા પ્રધાન નરેન્દ્ર મોદીના મૌન પર પ્રશ્ન ઉઠાવતા પૂછ્યું હતું કે, શા માટે ભાજપ શાસિત રાજ્યો સામાજિક ન્યાય અને અધિકારો સુનિશ્ચિત કરવા માટે વસ્તી ગણતરી હાથ ધરી રહી નથી. કોંગ્રેસના મહાસચિવ જયરામ રમેશે જણાવ્યું હતું કે, જ્યારે રાજસ્થાનમાં ભારત જોડો યાત્રા યોજવામાં આવી હતી, ત્યારે રાહુલ ગાંધી ઘણાં સમુદાયોના પ્રતિનિધિમંડળોને મળ્યા હતાં અને તે દરમ્યાન OBC પ્રતિનિધિમંડળે ખાસ કરીને જાતિની વસ્તી ગણતરીની માંગ ઉઠાવી હતી. રાહુલ ગાંધીએ તેમની વાતને ખૂબ ગંભીરતાથી લીધી. હવે રાજસ્થાન સરકારે જાતિ આધારિત સર્વે કરવાનો નિર્ણય લીધો છે અને આવું કરનાર તે બીજો રાજ્ય હશે. કોંગ્રેસના નેતાએ જણાવ્યું કે, આ સર્વે ખાસ કરીને અનુસૂચિત જાતિ, અનુસૂચિત જનજાતિ અને અન્ય પછાત વર્ગો માટે નીતિઓ બનાવવામાં મદદ કરશે. સામાજિક ન્યાય સુનિશ્ચિત કરવું અને લોકોને તેમની વસ્તી મુજબ અધિકારો આપવા એ પણ ખૂબ જ મહત્વપૂર્ણ છે.

# ભારત-પાકિસ્તાનની વર્લ્ડ કપની મેચને લઈ સુરક્ષા-વ્યવસ્થાની મુખ્યમંત્રીએ કરી સમીક્ષા

**મોટેરા સ્ટેડિયમ અંગેની ધમકીને લઈ સમગ્ર તંત્ર હરકતમાં : સલામતી મુદ્દે સૂચનો કરાયા**

ગાંધીનગર, તા.૧૨

અમદાવાદના મોટેરા સ્ટેડિયમને લઈ મળેલા ધમકી બાદ સરકારી તંત્ર એક્શન મોડમાં આવી જવા પામેલ છે. પાોલીસ કમિશ્નરે પણ તંત્ર સજ્જ હોવાનું કહી દીધું છે. ત્યારે બીજી તરફ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અમદાવાદમાં આગામી ૧૪મી ઓક્ટોબરે રમાનારી આઈ સી સી વર્લ્ડ કપ ક્રિકેટ મેચ સંદર્ભમાં રાજ્યના પોલીસ તંત્ર દ્વારા હાથ ધરાયેલી સુરક્ષા-સલામતી વ્યવસ્થાની સમીક્ષા માટે ઉચ્ચ સ્તરીય બેઠક યોજી હતી. ગૃહ રાજ્યમંત્રી હર્ષ સંઘવી સહિત મુખ્યમંત્રીના મુખ્ય અગ્રસચિવ કૈલાશનાથન, મુખ્ય સચિવ રાજકુમાર, ગૃહ વિભાગના અધિક મુખ્ય સચિવ મુકેશ પૂરી, પોલીસ મહાનિદેશક વિકાસ સહાય, અમદાવાદ પોલીસ કમિશ્નર જી.એસ. મલિક અને વરિષ્ઠ પોલીસ અધિકારીઓ આ બેઠકમાં સહભાગી થયા હતા. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે નરેન્દ્ર મોદી ક્રિકેટ સ્ટેડિયમની સુરક્ષા વ્યવસ્થા અંગે તેમજ મેચ જોવા આવનારા દર્શકોની સલામતી તથા ટ્રાફિક નિયમન અંગે પણ બેઠકમાં વિગતો મેળવી હતી અને જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આઈસીસી વર્લ્ડકપની ભારત-પાકિસ્તાનની મેચ અત્યંત મહત્ત્વપૂર્ણ હોઈ અને તેનો ક્રિકેટ રસિયાઓમાં સૌથી વધુ ક્રેઝ હોઈ મેચ જોનારા રસિયાઓનો ભારે ધસારો રહેવાને લઈ પોલીસ તંત્ર કડક બંદોબસ્તમાં કોઈ કચાશ રાખવા માંગતું નથી. જેથી તમામ એજન્સીઓને કામે લગાડી દેવામાં આવી છે અને અત્યંત ચાંપતો કડક બંદોબસ્ત ગોઠવી દેવાની કવાયત હાથ ધરવામાં આવી છે.

# જૂનાગઢમાં આગામી તહેવારોને અનુલક્ષીને વાહન પાર્કિંગ વ્યવસ્થા ગોઠવવા માંગ

## નવરાત્રી, દિપાવલી, નૂતન વર્ષ, ભાઈબીજ, લાભ પાંચમ, જલારામ જયંતિ, દેવ દિવાળી જેવા તહેવારોને અનુલક્ષીને ટ્રાફીક વ્યવસ્થા માટે પાર્કિંગ સ્થળ નકકી કરવા જરૂરી






જૂનાગઢ તા. ૧૨

જૂનાગઢ શહેરમાં ટ્રાફીકની સમસ્યા દિવસે ન વધે તેટલી રાત્રે વધી જાય છે. અને આ ખુબજ ગંભીર અને જટીલ પ્રશ્ન છે. આ સમસ્યાનો હાલ તુરંત તો કોઈ ઉકેલ જણાતો નથી. ત્યારે આગામી સમયમાં નવરાત્રી મહોત્સવ, દિપાવલી, નૂતન વર્ષના તહેવારો આવી રહયા હોય જેને લઈને બજારોમાં અત્યારથી જ તેજીનો દોર શરૂ થયો છે અને સાંજના સયમે તો ખુબજ ટ્રાફીક રહેતો હોય છે. ત્યારે આ તહેવારોને અનુલક્ષીને વિવિધ વિસ્તારોમાં ટ્રાફીક સમસ્યા હળવી થાય તે માટેના વાહન પાર્કીંગ માટેના સ્થળો અને પોઈન્ટ નકકી કરવા માંગણી ઉઠવા પામી છે.

જૂનાગઢ શહેરની ભૌગોલિક સ્થિતી એવી છેકે, પ્રથમથી જ આ શહેરના રસ્તાઓ સાંકળા છે અને મુખ્ય બજારોમાં તો બપોરના સમયે કે સાંજના સમયે આડા દિવસે પણ પગપાળા જવું પણ મુશ્કેલ ભર્યુ હોય છે. જૂનાગઢ શહેરના લોકો તેમજ બહારગામથી આવનારા લોકોને લઈને બજારો ભરચકક જોવા મળતી હોય છે. તેમજ પગ મુકવાની જગ્યા ન હોય તેવા માહોલમાં વાહન લઈને નીકળવું એટલે અકસ્માતને નોતરૂં દેવા બરાબર છે. દરમ્યાન આગામી દિવસોમાં નવરાત્રી મહોત્સવનો પ્રારંભ થનાર છે તેમજ દિપાવલી, નૂતન વર્ષ, ભાઈબીજ, લાભપાંચમ, દેવ દિવાળી, પરીક્રમા જેવા તહેવારો આવી રહયા છે. ત્યારે શહેરમાં ટ્રાફીકની સમસ્યા હળવી બને તે માટે વિવિધ સ્થળો ઉપર પાર્કિંગ પોઈન્ટ ઉભા કરવાની માંગ ઉઠી છે. જૂનાગઢ શહેરમાં એમ.જી. રોડ, માલીવાડા રોડ, હવેલી ગલી, તળાવ દરવાજા, આઝાદ ચોક, સ્ટેશન રોડ, ચોકસી બજાર, સર્કલ ચોક, દિવાન ચોક, છાંયા બજાર, વણઝારી ચોક, કાળવા ચોક વગેરે વિસ્તારોમાં આ તહેવારો દરમ્યાન ભારે ટ્રાફીક રહેતો હોય છે. આ ઉપરાંત મહાલક્ષ્મી માતાજીના મંદિરે પણ તહેવારોના દિવસો દરમ્યાન મોટી સંખ્યામાં લોકો દર્શનાર્થે ઉમટી પડતા હોય છે. તહેવારોના આ દિવસો દરમ્યાન એક તરફ બજારોમાં ખરીદીનો માહોલ અને બીજીતરફ ટ્રાફીકની સમસ્યાને લઈને લોકોને ભારે હાલાકીનો સામનો કરવો પડતો હોય છે. ત્યારે જૂનાગઢના જાણકાર નાગરીકોએ કેટલાક ઉપયોગી સુચનો કર્યા છે. જેમાં તહેવારોના દિવસો દરમ્યાન ટ્રાફીક સમસ્યા જો હળવી કરવી હોય તો તેના માટે વિવિધ સ્થળોએ ટ્રાફીક પોઈન્ટ ઉભા કરવા જોઈએ.

જે સુચનો થયા છે તેમાં જૂનાગઢમાં હાલ જુની કલેકટર કચેરી, જુની ટ્રેઝરરી કમ્પાઉન્ડ, એ.જી. સ્કુલનું મેદાન તેમજ જયાં પણ અન્ય કચેરીઓ ખાલી હોય કે પડતર જગ્યાઓ હોય ત્યાં વ્યવસ્થિત વાહન પાર્કિંગ માટેની સુવિધા ઉભી કરવી જોઈએ. ખાસ કરીનો હવેલી ગલી, માલીવાડા રોડ, પંચહાટડી ચોક, એમ.જી. રોડ, આઝાદ ચોક સહિતના વિવિધ માર્ગો ઉપર થતા વાહનના ધસારાને પહોંચી વળવા ટ્રાફીક પોઈન્ટ ઉભા કરવા જોઈએ જેથી લોકોને પોતાના વાહન યોગ્ય જગ્યાએ મુકી શકે. આ ઉપરાંત શહેરની મુખ્ય બજારોમાં તહેવારો દરમ્યાન ભારે ખરીદી થતી હોય અને લોકોનો પ્રવાહ સતત ખરીદીમાં રોકાયેલો હોય ત્યારે જૂનાગઢ શહેરના લોકો તેમજ બહારગામથી આવનારા ખાસ કરીને વાહન લઈને આવનારા લોકો માટે વાહન પાર્ક કરવા માટેની સુવિધા ઉભી થાય તો સરળતા રહે. તહેવારોના દિવસો દરમ્યાન મુખ્ય-મુખ્ય બજારોમાં જયારે લોકો ખરીદી માટે આવે છે ત્યારે પોતાના વાહન રોડ ઉપર બંને સાઈડ ગોઠવીને પાર્કિંગ કરતા હોય છે. જેને લઈને સાંકડી બજારો છે અને રસ્તા ઉપર વાહનો પાર્કિંગ થતા હોય તો ટ્રાફીકની સમસ્યા વધુ મુશ્કેલરૂપ બની જાય છે. અને તહેવારોના દિવસો દરમ્યાન ટ્રાફીક માટેની અવ્યવસ્થા ન સર્જાય તે માટે આગવું આયોજન અને આગવી વ્યવસ્થા ગોઠવવા જૂનાગઢ શહેરના જાગૃત નાગરીકોએ પોતાના વિચારો અને માંગણી રજુ કર્યા છે.

---

### હા..લો..રે.. ઓલા, દાંડિયા રમવા જઈએ..'

# નવરાત્રીમાં છવાઈ જતા દાંડિયાની ખપત ઓણ સાલ અવનવા સ્ટેપ્સને લીધે ઘટી

## માની ભક્તિ, અભિવ્યક્તિ કરવા સૌનું પ્રથમ પ્રેફરન્સ એટલે દાંડિયા

વેરાવળ તા. ૧૨

નવરાત્રી આવે અને ગામ-શેરીઓમાં નાકે ધડીંમ્, ધડીંમ્ એક સરખા લય, તાલ સાથે દાંડીયાની રમઝટથી ગુંજી ઉઠે છે. 'તારા વિના શ્યામ મને એકલડું લાગે, રાસે રમવાને વ્હેલો આવજે..હો..હો..' હોય કે 'કુકડા તારી બોલી મને મીઠી-મીઠી લાગે' હોય એ સહિતના રાસ મધ ઝરતા નવરા કંઠે ગવાતા ગરબાઓ ગરબી લેખારા દાંડીયાઓના ટંકરાવે ભાવિકોને રસતરબોળ કરી દે છે.


સોમનાથ-પ્રભાસ પાટણમાં એક જમાનામાં દાંડીયા સ્ટીકની જોરદાર માંગ હતી. આ વેચનારા વેપારીઓ ૧૫ થી ૨૦ ડઝન ઉપરાંત દાંડીયા બહારથી મંગાવતા અને અડધો ડઝન દુકાનો હતી. હાલ એક જ છે. હવે નવી પેઢીને અવનવા સ્ટેપ્સ, તાલી, હાથના હાવભાવ અને મુકત હાથે વર્તુળાકાર ઘુમવા ટ્રેન્ડને કારણે અને દાંડીયાના વજનથી મુકત રહી છુટા હાથે ગરબી રમવાની મજા આવે છે.

દાંડીયા મહાભારત અને તે પહેલાના યુગથી ગરબા-ગરબીઓની રોનક વધારી રહયા છે. એટલે સંપુર્ણ બદલાવની કોઈ શકયતા નથી. કારણ કે તહેવારની ઓળખ જ છે. પ્રાચીન યુગમાં બંસરીથી પણ દાંડીયા રમાતા હશે. જેમાંથી ઉદ્ભવ્યા આજના દાંડીયા. દાંડીયા શબ્દ દંડ ઉપરથી આવ્યો છે. દંડ એટલે લાકડી. આ દંડમાંથી દાંડી શબ્દ બન્યો જેમાં દાંડી લાંબી લાકડીને કહેવાય છે. જયારે તેના નાના સ્વરૂપને દાંડીયો કહેવામાં આવે છે. આ દાંડીયાઓનું બહુવચન દાંડીયા અને જેનો સહારો લઈ વર્તુળાકારે જે નૃત્ય થાય તેને દાંડીયારાસ કહે છે. દાંડીયા વાસના થડમાંથી ફુટેલી પાતળી ડાળીઓમાંથી તૈયાર થાય છે. જે દાંડીયા સામ સામા અથડાતા તેમાંથી એક મધુર રણકાર નીકળે છે. પ્રાચીન સમયમાં બંસરીને છેડે ફુમતા લગાવી રાસ રમાતા તેવીજ પરંપરા અનુસરી દાંડીયા શુશોભિત થતા ગયા. વાંસ, દેવદાર અને સીસમના લાકડાની સીધી દાંડીને વિવિધ આકાર આપી સુરેખ સંધાર કામ કરી તેના ઉપર બેલતેલનો ચળકાટ લાવી, સોનેરી અને વિવિધ રંગોના કલર કરી, નકશીકામ કરી દાંડીયા બનાવવામાં આવે છે. આમ અનેક કારીગરોનો શ્રમ આની પાછળ રહેલો છે.

મોટાભાગના માને છે કે હવે દાંડીયા જરૂરીયાત જ છે તેવું નથી. તેમજ લાકડાના દાંડીયામાં વજન પણ વધી જતું હોય છે. જો કે તેની સાથો સાથ એલ્યુમિનીયમના દાંડીયા પણ આવ્યા જે હળવા હોય છે. બોલ-બેરીંગ મુવીંગ દાંડીયા, ઈલેકટ્રોનીકસ રેડીયમની જેમ ઝળહળતા દાંડીયા પણ આવ્યા છે. એકેલીક, સાગના નહીં લાકડાના હળવા દાંડીયા પણ ઉપલબ્ધ છે. પરંતુ હાથની તાલીઓથી કે છુટા હાથના લહેકાથી રમી શકાય તેવા સ્ટેપ્સ ગરબીઓમાં રમાતા થતા દાંડીયાનો ઉપયોગ ઘટયો છે. મજુરી, રંગકામ, સાગ મેળવવું મુશ્કેલ છે અને મટીરીયલ્સના ભાવ વધારાને કારણે જોરદાર ખપત તો નથી જ. હા, આ સ્ટોક હવે લગ્ન પ્રસંગોમાં દાંડીયારાસ લેવાનો ક્રેઝ હોય તેને કારણે તે સમયે થોડી ખપત આશા રહે છે.

---

# વાઘેશ્વરી માતાજી મંદિરમાં આસો નોરતા ધામધુમથી ઉજવાશે




જૂનાગઢ તા. ૧૨

શ્રી વાઘેશ્વરી માતાજીના દર્શનાર્થીઓ માટે આસો નવરાત્રી તા.૧૫-૧૦-૨૩ થી તા.૨૩-૧૦-૨૩ સુધી ઉજવવામાં આવશે. મંદિરનો સમય સવારે ૫.૦૦ વાગ્યાથી રાત્રીના ૧૦ વાગ્યા સુધીનો રહેશે. જેમાં મંગળા આરતી સવારે ૬.૧૫ કલાકે, શૃંગાર આરતી સવારે ૮.૧૫ કલાકે તથા શયન આરતી સાંજે ૭.૧૫ કલાકે થશે. બપોરે ૧.૦૦ થી ૩.૩૦ વાગ્યા સુધી મંદિરમાં દર્શન બંધ રહેશે. આઠમો યજ્ઞ તા.૨૨-૧૦-૨૩ ને રવિવારના રોજ છે. તેનું બીડું હોમવાનો સમય સાંજે ૫.૦૦ કલાકે રહેશે.

તેજ રીતે ઉપલા વાઘેશ્વરી મંદિરે પણ સવારે ૫.૦૦ વાગ્યાથી રાત્રીના ૯.૦૦ વાગ્યા સુધી ખુલ્લું રહેશે. તેની મંગળા આરતી સવારે ૬.૪૫ મિનીટે, શૃંગાર આરતી સવારે ૮.૪૫ મિનીટે અને શયન આરતી સાંજે ૬.૪૫ મિનીટે થશે. તેજ રીતે ઉપલા વાઘેશ્વરી મંદિરમાં આઠમના યજ્ઞનું બીડું હોમવાનો સમય બપોરે ૧૨.૩૦ કલાકે રહેશે. તો દરેક ધર્મપ્રેમી જનતાને આસો નવરાત્રીના દર્શનનો લાભ લેવા એક યાદીમાં જણાવેલ છે.

---

### "સાયબર સેફ દેવભૂમિ દ્વારકા" અભિયાન અંતર્ગત

# સગર્ભા સ્ત્રીઓને ટાર્ગેટ કરતી ટોળકી દ્વારા આચરવામાં આવતા "આંગણવાડી ફ્રોડ'' અટકાવવા અવેરનેશ કાર્યક્રમ યોજાયો

(કુંજન રાડીયા દ્વારા)

જામ ખંભાળિયા, તા.૧૨

દેવભૂમિ દ્વારકા જિલ્લામા સરકાર દ્વારા સગર્ભા સ્ત્રીઓને મળતી સહાયની યોજનાના નામે સગર્ભા સ્ત્રીઓને ટાર્ગેટ કરી, ફોન કોલ કરીને તેઓને પ્રલોભન આપી, નાણાકીય ફોડના બનાવો બનતા હોવાનું પોલિસને ધ્યાને આવતા, આ બાબતને ગંભીરતાથી લઈને જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેય દ્વારા સાયબર ક્રાઈમ સેલની ટીમને આ પ્રકારના બનાવો શોધી કાઢવા ત્વરીત કાર્યવાહી કરવા સુચના આપવામાં આવી છે. આવા પ્રકારના બનાવો રોકવા તેમજ જનજાગૃતિ માટે "આંગણવાડી ફોડ અવેરનેશ પ્રોગ્રામ"નું આયોજન કરવામાં આવ્યું હતું.



આના અનુસંધાને એ.એસ.પી. રાઘવ જૈનના સીધા માર્ગદર્શન હેઠળ સાયબર ક્રાઈમ સેલની ટીમ દ્વારા ''આંગણવાડી ફ્રોડ''ને અટકાવવા માટે જાહેર જનતા જોગ જિલ્લા કક્ષાએ અવરનેશ કાર્યક્રમ અંતર્ગત આંગણવાડી ફ્રોડના સાયબર ક્રાઈમના બનાવોમાં સગર્ભા સ્ત્રીઓ ભોગ બનનાર હોવાથી, મહીલા પોલીસ સ્ટેશનના પોલીસ ઈન્સપેક્ટરના સુપરવિઝન હેઠળ જિલ્લાની તમામ સી-ટીમ દ્વારા આ અવેરનેસની કાર્યવાહી કરવામાં આવી હતી. આ કાર્યવાહી દરમિયાન જિલ્લાના અલગઅલગ પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પ્રાથમિક શાળાઓ તથા ૨૫ થી વધુ આંગણવાડી કેન્દ્રોના કાર્યકરોને સાથે રાખીને સગર્ભા સ્ત્રીઓનો ડેટા મેળવીને સરકાર દ્વારા સગર્ભા સ્ત્રીઓને મળતા લાભોની માહીતી પુરી પાડી, તેઓને આ પ્રકારના ફ્રોડમાં લેભાગુ તત્વો દ્વારા જે-તે વ્યક્તિઓને ફોન કોલ કરી, કઈ રીતે વિશ્વાસમાં લેવામા આવે છે. તેમજ વિશ્વાસમાં લઈને ક્યુ.આર. કોડ સ્કેન કરાવી ઓ.ટી.પી. મેળવીને જે-તે વ્યક્તિઓની બેંક બેલેન્સ સાફ કરી નાખવામાં આવે છે.

આ બાબતની માહીતી પુરી પાડી અવેરનેશની મહતમ કામગીરી કરવામા આવી હતી.

**જિલ્લા પોલીસ વડા દ્વારા જાહેર જનતા જોગ અપીલ**

દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશ પાંડેયની જનતા જોગ અપીલ છે કે, આપને કોઈ અજાણ્યા વ્યક્તિઓ દ્વારા ફોન કોલ કરી જાણ કરવામા આવે કે, તેઓના પરિવારમાંથી જો કોઈ સગર્ભા મહીલા હોય કે છેલ્લા પાંચ વર્ષ દરમિયાન કોઈ બાળકનો જન્મ થયો હોય, તો તેઓને સરકારની યોજના મુજબ બાળક દીઠ રૂપિયા છ થી સાત હજારની સહાય મળવા પાત્ર છે. તે રકમ મેળવવા તેઓને માગ્યા મુજબની માહીતિ આપીને મોબાઈલ પર આવેલ ક્યુ.આર. કોડ સ્કેન કરવાથી આ સરકારના લાભની રકમ તેઓના ખાતામાં જમાં થઈ જશે. તેવી લાલચમાં આવવુ નહિ. જો કોઈ અજાણ્યા મોબાઈલ નંબર પરથી ક્યુ.આર. કોડ આવ્યો હોય તો તેને સ્કેન કરવા નહી, કે કોઈ અજાણ્યા વ્યક્તીને ઓટીપી આપવા નહીં.

જો કોઈ લાભ મેળવવાના લાલચમા આવી કોઈ તમારી માહિતી આપશો, તો આવા તક સાધુ, ઠગ લોકોથી આપ સાયબર ક્રાઈમનો ભોગ બનશો અને મોટી નાંણાકીય નુકસાની થઈ શકે છે. ક્યારેય પણ આ પ્રકારે કોઈપણ સાયબર ફ્રોડનો બનાવ બને તો સાયબર હેલ્પ લાઈન નં. ૧૯૩૦ પર કોલ કરી પોતાની ફરીયાદ નોંધાવવી અને દેવભૂમિ દ્વારકા જિલ્લા સાયબર ક્રાઈમ સેલ અથવા નજીકના પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવા વધુમાં જણાવ્યું છે.

---

# બિલખામાં નીચલાપરા વિસ્તારમાં આવેલ પુલની બંને સાઈડો ધોવાઈ જતા જનતા ત્રાહિમામ



(મહેન્દ્ર નાગ્રેચા દ્વારા)

બિલખા તા. ૧૨

બિલખામાં ગત તા.૨૨ જુલાઈના રોજ થયેલ ભયંકર પુર હોનારતમાં અહીંના નીચલાપરા વિસ્તારમાં ભક્ષી નદી ઉપર આવેલ પુલની બંને સાઈડો અને તાજેતરમાં બનાવવામાં આવેલ દિવાલ ધોવાઈ જતા રસ્તો સદંતર બંધ થઈ ગયેલ છે. બિલખાના સરકારી દવાખાને અને પંચાયતે જવા માટેનો આ મુખ્ય માર્ગ તદ્દન બિસ્માર હાલતમાં હોય લોકો ત્રાહિમામ પોકારી ગયા છે. આ અંગે લોકો દ્વારા પંચાયતને જાણ કરેલ હોવા છતાં કોઈજ કામગીરી કરવામાં આવની ન હોય લોકોમાં રોષની લાગણી જોવા મળે છે. બિલખામાં અંધેરી નગરી અને ગંડુ રાજા જેવી સ્થિતીનું નિર્માણ થતું જાય છે. હાલની પરિસ્થિતીમાં લોકોને નદીના પાણીમાંથી થઈને જવું પડતું હોય બિમાર, વૃધ્ધો, બાળકો અને મહિલાઓને પારાવાર મુશ્કેલી પડી રહી છે. જે હોય તે પણ પંચાયત દ્વારા જાગ્યા ત્યારથી સવાર કરીને તાત્કાલીક આ મુખ્ય માર્ગ ચાલુ કરાવવા પ્રબળ માંગ ઉઠી છે.

---


# કોડીનારમાં જી.યુ.વી.એન.એલ વિજિલન્સની ટીમ દ્વારા વીજ દરોડા

## વેલણ ગામે ઝીંગા ફાર્મનાં કનેકશનમાં વીજ ચોરી પકડી રૂા.૧ કરોડ ૪૮ લાખનું બિલ ફટકારતાં વીજ ચોરોમાં ફફડાટ

કોડીનાર તા.૧૨

કોડીનાર શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા કેટલાક દિવસથી વીજ વિભાગ દ્વારા ચેકીંગ કાર્યવાહી હાથ ધરવામાં આવી છે ત્યારે તા.૯.૧૦.૨૦૨૩ ના રોજ વેલણ ગામના પાલાભાઈ નથુભાઈ બાંભણીયાના ઔદ્યોગિક હેતુ માટેના ઝીંગા ફાર્મમાં સ્થાનિક વીજ તંત્ર તેમજ જી.યું.વી.એન.એલ વિજિલન્સ વીજ ચેકીંગ સ્કોવડના અધિકારી વી.પી.ગોહેલ, કે.જી.પટેલ, એમ.ડી.મોકરિયા તેમજ લાઈન-સ્ટાફ દ્વારા વહેલી સવારના ૩.૦૦ કલાકે વીજ ચેકિંગ હાથ ધરતા આ ઈસમ દ્વારા પોતાના ઔદ્યોગિક કનેક્શનના ટ્રાન્સફોર્મર ઉપર લગાવેલ ટ્રાન્સફોર્મર ટોપ કવરના સીલ તેમજ ટોપ કવર તોડી, વધારાની સર્વિસ નાખી મીટર બાય-પાસ કરી વિજ -ચોરી કરતા પકડાયેલ જેથી આ ચેકિંગનાં આધારે કોડીનાર-૨ સબ-ડીવીઝન દ્વારા આ વીજચોરીનું બિલ રૂા.૧,૪૮,૯૪,૦૪૭.૩૦/ અંકે રૂપિયા એક કરોડ અડતાલીસ લાખ ચોરણું હાજર સુડતાલીસ રૂપિયા પૂરાનું વિજ બીલ ફટકારતાં કોડીનાર તાલુકાના ઈતિહાસમાં પ્રથમવાર આટલી મોટી રકમની વીજચોરીનું બિલ હોય જેથી વીજચોરી કરતા ઈસમોમાં ભારે ભય અને ફફડાટ ફેલાયેલ છે.

---




અત્યારે તો જયાંથી જેટલું મળે તેટલું ખાઈ લે, શ્રધ્ધ પક્ષ પુરા થશે પછી કોઈ ભાવ પણ નહીં પુછે !

# જૂનાગઢ શહેરમાં નવરાત્રી મહોત્સવની શાંતિપુર્વક ઉજવણી માટે જીલ્લા પોલીસ દ્વારા માસ્ટર પ્લાન

## બોડીવોર્ન કેમેરા સાથેની ટીમ, મહિલાઓની સલામતી માટે ૧૮ SHE TEAM સહિત ચુસ્ત બંદોબસ્ત : સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈનના પાલન સાથે રાત્રીના ૧૨ વાગે ફરજીયાત બંધ કરવા સુચના








(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૨

નવરાત્રી મહોત્સવ આગામી તા.૧૫મી ઓકટોબરના પ્રારંભ થઈ રહેલ છે ત્યારે જૂનાગઢ શહેર તથા સૌરાષ્ટ્રભરમાં આદ્યશકિત માંના નવલા નોરતાને ભાવપુર્વક મનાવવા તડામાર તૈયારીઓ ચાલી રહી છે. તો બીજી તરફ જૂનાગઢ શહેરમાં તહેવારોના આ દિવસો દરમ્યાન લોકો શાંતિપુર્વક તહેવારોની મજા માણી શકે તે માટે જૂનાગઢ જીલ્લા પોલીસ વડા હર્ષદ મહેતા દ્વારા ચુસ્ત બંદોબસ્તની વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. ગરબી મંડળના આયોજકો સાથેની બેઠકમાં નવરાત્રી અંગેની ગાઈડલાઈન પણ જારી કરવામાં આવી છે. જૂનાગઢ રેન્જના નાયબ પોલીસ મહાનિરિક્ષક નીલેશ જાજડીયાની સુચના તેમજ માર્ગદર્શન હેઠળ પોલીસ અધિક્ષક હર્ષદ મહેતાની અધ્યક્ષતામાં આગામી નવરાત્રી તહેવાર દરમ્યાન કાયદો અને વ્યવસ્થાની પરીસ્થિતી જળવાઈ રહે અને કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે પોલીસ અધિક્ષકની કચેરી જૂનાગઢના કોન્ફરન્સ હોલમાં નવરાત્રી તેમજ દશેરાના તહેવાર અનુસંધાને ગરબા આયોજકો સાથે મીટીંગનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં આશરે ૧૦૦ જેટલા પાર્ટી પ્લોટ, ગરબીના આયોજકો હાજર રહેલ હોય તમામને તહેવાર અનુસંધાને રાખવાની તકેદારીથી માહીતગાર કરવામાં આવેલ તેમજ જરૂરી સુચનાઓ આપવામા આવેલ જેમાં ખાસ કરીને સીસીટીવી કેમેરા લગાવવા, યોગ્ય જગ્યાએ વાહનોનું પાર્કીંગ કરાવવું, કોઈપણ પ્રકારના બનાવ બને તો તાત્કાલીક પોલીસ કન્ટ્રોલરૂમનો તેમજ જેતે પોલીસ સ્ટેશનનો સંપર્ક કરવો જે બાબતે તમામ આયોજકોને થાણા અધિકારીના તેમજ પોલીસ કન્ટ્રોલરૂમના નંબર આપવામાં આવેલ જેથી કોઈપણ બનાવ કે અનઅધીકૃત વ્યકિત વિરૂધ્ધ કાર્યવાહી ઝડપી કરી શકાય. આ નવરાત્રી દરમ્યાન રાસ ગરબા સુપ્રિમ કોર્ટની ગાઈડલાઈન મુજબ રાત્રીના ક-૨૪/૦૦ વાગ્યે ફરજીયાત બંધ કરવા સુચના આપવામાં આવેલ તેમજ કોઈપણ બિન વારસુ ચીજવસ્તુ જણાય આવ્યે તાત્કાલીક પોલીસને જાણ કરવા સુચના આપવામાં આવેલ તેમજ કોઈપણ પ્રકારની અફવાઓને ઉત્તેજન નહી આપવા સમજ કરવામાં આવેલ. ઉપરાંત હાલમાં વધી રહેલ નશાકારક પદાર્થોના સેવન અંગે એસ.ઓ.જી.ના સંકલનમાં રહી પાર્ટી પ્લોટમાં ડ્રગ અવેરનેશ અને સાઈબર ક્રાઈમની જાગૃતી બાબતે સ્ટોલ ઉભા કરી બેનર્સ લગાવી યુવાનોમાં જાગૃતી લાવવા સમજ કરવામાં આવેલ. નવરાત્રીના ગરબા શાંતીપૂર્ણ રીતે લોકો રમી શકે તે માટે જૂનાગઢ પોલીસ કટીબધ્ધ છે. બાળકો, મહીલાઓ અને વૃધ્ધોની સલામતી માટે વિશેષ તકેદારી રાખવા વ્યવસ્થા કરેલી છે. આ માટે પોલીસ વિભાગ દ્વારા બ્રેથ એનેલાઈઝર, ડ્રગ્સ ટેસ્ટીંગ કીટનો વ્યાપક ઉપયોગ કરવામા આવનાર છે. પોલીસ બંદોબસ્તમાં બોડીવોર્ન કેમેરા સાથેની ટીમ કાર્યરત રહેશે. મહીલાઓની સલામતી માટે જીલ્લાની કુલ- ૧૮ SHE TEAM ખુબ જ સર્કીયતા સાથે બંદોબસ્ત કરશે. આમ જૂનાગઢ પોલીસ બાળકો અને મહીલાઓની સલામતી માટે કટીબધ્ધ છે.

# વણીક સોશ્યલ ગ્રુપ જૂનાગઢ દ્વારા મારૂતી ડીજેના સથવારે ન્યુ ગપગોલી રાસોત્સવ-૨૦૨૩નું ભવ્ય આયોજન

## સંસ્થાનાં પ્રમુખ કુશલભાઈ પારેખનાં માર્ગદર્શન હેઠળ પ્રોજેકટ ટીમ દ્વારા તડામાર તૈયારી






(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૨

જૂનાગઢ શહેરમાં છેલ્લા ૧૩ વર્ષથી સફળ રીતે નવરાત્રી મહોત્સવની ઉજવણી કરનાર વણીક સોશ્યલ ગ્રુપ જૂનાગઢ દ્વારા ૧૪માં વર્ષે મારૂતી ડીજેના સથવારે ગપગોલી રાસોત્સવ-૨૦૨૩નું આગામી તા.૧૫ થી ૨૪ ઓકટોબર દરમ્યાન લક્ષ્મીવાડી, ફુલીયા હનુમાન રોડ, જૂનાગઢ ખાતે કરવામાં આવેલ છે. સમસ્ત વણીક સમાજને ભાવભર્યા નિમંત્રણ સાથે જણાવેલ છે કે, આ વર્ષે ૧૪માં વર્ષે પણ સૌ સાથે મળી ડાંડીયારાસ રમી શકે તેવા હેતુથી ફકત વણીક સમાજ માટેનું જ સુંદર આયોજન એટલે ન્યુ ગપગોલી સોડા રાસોત્સવ-૨૦૨૩નું ભવ્ય આયોજન છે.

આ આયોજન ફકત વણીક સમાજ પુરતું જ મર્યાદિત છે અને તમામ વણીક સમાજ માટે ફ્રી એન્ટ્રી રાખવામાં આવી છે તેમજ ન્યુ ગપગોલી રાસોત્સવમાં મિડીયા પાર્ટનર તરીકે સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિક જોડાયેલ છે. વણીક સોશ્યલ ગ્રુપના પ્રમુખ કુશલભાઈ પારેખ મો.નં.૯૮૯૮૩ ૧૮૦૪૮ અને તેમના માર્ગદર્શન હેઠળ અશ્વીનભાઈ શાહ, મેહુલભાઈ સોની, હેમેનભાઈ પારેખ, જયભાઈ ઝાંઝમેરીય, કિર્તીભાઈ ફીચડીયા, જયભાઈ લાઠીગરા, નરેન્દ્રભાઈ સોની, ગોપાલભાઈ લાઠીગરા, પ્રતિકભાઈ પારેખ, હિતેષભાઈ ગઢીયા, સમીરભાઈ શાહ, અમિતભાઈ શાહ, જીગ્નેશભાઈ કડેચા, હર્ષભાઈ ઝાંઝમેરીયા, પંકજભાઈ ઝવેરી, રૂચિતભાઈ શાહ અને જીજ્ઞેશભાઈ કડેચા (હાર્મોની ગૃપ) સહીતની આયોજક ટીમ દ્વારા રાસોત્સવને ભવ્ય રીતે સફળ બનાવવા તડામાર તૈયારી હાથ ધરવામાં આવી છે. પાસ મેળવવા માટે કુશલભાઈ પારેખ મો.નં.૯૮૯૮૩ ૧૮૦૪૮નો સંપર્ક સાધવા તેમજ આ સુંદર આયોજનમાં સમસ્ત વણીક સમાજને પધારવા આયોજકો દ્વારા ભાવભર્યું નિમંત્રણ પાઠવવામાં આવેલ છે.

### પરીવાર, સમાજ અને રાષ્ટ્રનું કલ્યાણ વિચારી સમર્પીત જીવનધારાના શિલ્પી બ્રહમસમાજ દ્વારા આયોજીત

# નવરાત્રી મહોત્સવમાં 'માં'નું આગમન રથમાં થશે અને રથયાત્રામાં બ્રહમસમાજ જોડાશે

(પ્રતિનિધી દ્વારા) જૂનાગઢ તા.૧૨

સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત બ્રહમ સમાજ જૂનાગઢ જિલ્લાના ઉપક્રમે નવરાત્રી મહોત્સવના અનુસંધાને તા.૧૩/૧૦/૨૩ ના રોજ જૂનાગઢ ખાતે કાળવાચોક, ગોદડ અખાડાથી માતાજીની રથયાત્રા શરૂ થશે. આ રથયાત્રા કાળવાચોક ગોદડ અખાડાથી આઝાદચોક રસ્તા વગેરેની શાસન વ્યવસ્થાને ધ્યાને લઈને સૌરાષ્ટ્ર કચ્છ બ્રહમ સમાજ નવરાત્રી રાસોત્સવ– શોભાયાત્રા સંપન્ન થશે. આ શોભાયાત્રાના સંચાલકો તરીકે સૌરાષ્ટ્ર કચ્છ મહિલા પાંખના રૂપલબેન લખલાણી, કનકબેન વ્યાસ, જયોતિબેન મહેતા,ડો. નિષ્ઠાબેન ઉપાધ્યાય, હેમાંગીબેન ત્રિવેદી, ભકિતબેન ભટ્ટ, મનીષાબેન દવે, રીંકલબેન, પલ્લવીબેન, રવિ ઠાકર, યુવાપાંખના પ્રમુખ ચિરાગ જોષી,કાર્તિક ભટ્ટ, દિપ જોષી, ઉપરાંત સૌરાષ્ટ્ર કચ્છના હોદેદારો, અન્ય સંસ્થા/જ્ઞાતિના આગેવાનો રથયાત્રાનું સંચાલન કરશે. આ શોભાયાત્રા રૂટ ઉપર ફરતાં સ્વાગત કરવામાં આવશે. ત્યારબાદ સૌરાષ્ટ્ર કચ્છ બ્રહમસમાજ નવરાત્રી મહોત્સવ રાસોત્સવ સ્થળ ક્રિષ્નાફાર્મ, ગ્રીનસીટી પાસે સંપન્ન કરવામાં આવશે. તેમ યાદીના અંતમાં સૌરાષ્ટ્ર કચ્છ સમસ્ત બ્રહમસમાજની યાદીમાં જણાવાયેલ છે.


# કેશોદમાં ગોડાઉનમાંથી કુલ રૂા.૧,૭૪,૦૦૦ના મુદ્દામાલની ચોરી

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૨

કેશોદનાં અજાબ રોડ ઉપર રહેતા પ્રવિણભાઈ ખેતાભાઈ સોંદરવા (ઉ.વ.૪૭)એ પોલીસમાં નોંધાવેલ ફરિયાદ મુજબ વનરાજ વાલજી ચાવડા, અજય ભીખા ચાવડા, અશ્વિન નાથા ચૌહાણ અને સમીર સીડા વિરૂધ્ધ નોંધાવેલ ફરિયાદમાં જણાવેલ છે કે, આ કામના આરોપીઓએ છેલ્લા એક મહિના અગાઉથી તા.૧૧-૧૦-૨૦૨૩ના ક.૧૪/૩૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન ઉપર જણાવેલ સ્થળે આ કામના ફરિયાદીની માલિકી વાળા કંપાઉન્ડની અંદર પ્રવેશ કરી ઓરડીના દરવાજાનો લોક તોડી અંદર પ્રવેશ કરી તથા ગોડાઉનના દરવાજાની ઉપરથી કુદી ગોડાઉનમાં અંદર પ્રવેશ કરી કુલ ૫૧૦ લોખંડના સેન્ટીંગ કામ માટેના ચોકા(પ્લેટો) જેની એક ચોકાની કિ.રૂા.૩૦૦ લેખે કુલ કિ.રૂા.૧,૫૩,૦૦૦ તથા બે સ્લેબ તોડવાના બ્રેકર મશીન જેની કિ.રૂા.૧૬,૦૦૦ તથા એક લોખંડ કાપવાનું મશીન જેની કિ.રૂા.૫૦૦૦ મળી કુલ કિ.રૂા.૧,૭૪,૦૦૦ના મતાની ચોરી કરી કર્યાની પોલીસમાં ફરીયાદ નોંધાવતાં પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# જૂનાગઢના માંગનાથમાં ડી-સ્કવેર નામની બિલ્ડીંગના ગેરકાનુની બાંધકામ અંગે ડેપ્યુટી મેયર ગિરીશ કોટેચા સામે ગંભીર આક્ષેપો

## માખીયાળા ગામના હસમુખભાઈ મકવાણાએ મનપાના કમિશ્નર તથા સિનીયર ટાઉન પ્લાનરને પત્ર દ્વારા રજુઆત કરી રીનોવેશનની મંજુરી મેળવી આખેઆખુ બિલ્ડીંગનું ગેરકાનુની બાંધકામ કરાયાનો આક્ષેપ




(પ્રતિનિધિ દ્વારા) જૂનાગઢ તા.૧૨

જૂનાગઢ શહેરમાં હાલ ટોક ઓધ ધી ટાઉન બન્યું હોય તો તે વોકળાઓ ઉપરના દબાણો અને ગેરકાયદેસર બાંધકામનોનો મુદ્દો છે અને આ મુદ્દે આગામી દિવસોમાં શું પગલા ભરવામાં આવે છે તે તરફ સંબંધિતોની મીટ છે. જૂનાગઢ શહેરના વિવિધ વિસ્તારોમાં ગેરકાયદેસર બાંધકામો સંબંધિત અધિકારીઓ અને મનપાના શાસકોની મિલીભગતથી થઈ રહ્યા છે અને ઉચ્ચ કક્ષાના રાજકીય મહાનુભાવોના આર્શીવાદ સાથે ગેરકાયદેસર બાંધકામો કરનારાઓનો વાળ પણ વાંકો થતો નથી. દરમ્યાન ગેરકાયદેસર બાંધકામ થતું હોવાનો આક્ષેપ સાથેની રજુઆત જૂનાગઢ મનપાના કમિશનર તથા સિનીયર ટાઉનપ્લાનને કરવામાં આવી છે. માખીયાળા ગામે રહેતા હસમુખભાઈ ડાયાભાઈ મકવાણા મો.નં.૯૮૯૮૯ ૮૭૦૧૮ વાળાએ પોતાની લેખીત રજુઆત તા.૯-૧૦-૨૦૨૩ના આવક નંબર ૧૨૧૨૯ મનપા જૂનાગઢ તરફ મોકલવામાં આવી છે. જેમાં જૂનાગઢ મહાનગરપાલિકાના ડેપ્યુટી મેયર ગિરીશ કોટેચાના સગાઓ દ્વારા માંગનાથ રોડ ઉપર ગેરકાયદેસર બિલ્ડીંગ બાંધવા અંગે રજુઆત કરી છે. આ પત્રમાં જણાવેલ છે કે, જૂનાગઢ શહેરમાં ડેપ્યુટી મેયર ગિરીશ કોટેચાના સગા દ્વારા ગેરકાયદેસર બાંધકામ થયું હોવાના આક્ષેપ સાથે મનપાના કમિશ્નર અને સિનીયર ટાઉન પ્લાનરને લેખિતમાં રજૂઆત થતા ખળભળાટ મચી ગયો છે. માંગનાથમાં બનતા ડી સ્કવેર નામના બિલ્ડીંગમાં મંજૂરી માત્ર રિનોવેશનની જ મેળવાઈ હતી. જોકે, બાદમાં નવું જ બાંધકામ કરાઈ રહ્યું છે. એટલે એક તો મંજૂરી વિરૂદ્ધનું બાંધકામ થઈ રહ્યું છે. બીજું કે બોગસ અને બનાવટી નકશાને આધારે મંજૂરી મેળવાઈ હોવાની અરજી થઈ છે. આ અંગે જૂનાગઢના અરજદાર દ્વારા કમિશ્નર, સિનીયર ટાઉન પ્લાનરને લેખીતમાં રજુઆત કરાઈ છે અને આ બાંધકામ અંગે સત્વરે તપાસ કરી આવા ગેરકાયદેસર રીતે કરાયેલા બાંધકામને તોડી પાડવા માંગ કરાઈ છે. અરજદારે કમિશ્નરને લેખીતમાં જણાવ્યું છે કે, શહેરના માંગનાથ રોડ વિસ્તારમાં ડી સ્કવેર નામનું ગેરકાયદે બહુમાળી બિલ્ડીંગ બની રહ્યું છે. આ બિલ્ડીંગના બાંધકામ કરનારા ડેપ્યુટી મેયર ગિરીશ કોટેચાના સગાવ્હાલા છે. આમાં બિલ્ડીંગના બ્રોશરમાં જણાવ્યા મુજબ ભાગીદારોમાં યતિન કોટેચા, રોનક રાજા, શ્યામ કોટેચા, વિપુલ રાજપરા, પાર્થ કોટેચા(ડેપ્યુટી મેયરના પુત્ર) અને વિપુલ કોટેચાનો સમાવેશ થતો હોવાનો આક્ષેપ કરાયો છે. એટલું જ નહી આ અરજીમાં એમ પણ જણાવાયું છે કે, આ બિલ્ડીંગનું બાંધકામ જીડીસીઆરના નિયમ મુજબ નથી. જુના બોગસ અને બનાવટી નકશાના આધારે માત્ર રિનોવેશનની મંજુરી મંગાઈ હતી. જોકે બાદમાં નવું બાંધકામ કરાઈ રહ્યું છે. આ બિલ્ડીંગના બાંધકામની રેરામાંથી પણ મંજુરી મેળવાઈ નથી.

### હવે ઈમ્પેકટ ફીમાં મંજુરી મેળવવા દોડધામ

### મનપામાં લેખીત રજુઆત

બાદ હવે પગ નીચે રેલો આવવાની સંભાવના જણાતા પાણી પહેલા પાળ બાંધવાની તૈયારી કરાઈ રહી હોવાના આક્ષેપ સાથે રજુઆતમાં તેમ પણ જણાવાયું છે કે, બદનામીથી બચવા માટે અને બિલ્ડીંગને કાયદેસર બનાવવા માટે ઈમ્પેકટ ફી હેઠળ મંજુરીમાં મુકવા ભાગીદારો દ્વારા આકાશ પાતાળ એક કરાઈ રહ્યા છે.

# ઈન્દ્રેશ્વર જંગલમાં ડેમમાં ડુબી જતા મૃત્યું

(ક્રાઈમ રીપોર્ટર દ્વારા) જૂનાગઢ તા.૧૨

જૂનાગઢ શહેરમાં કેમ્બ્રીજ સ્કૂલની પાછળ, યમુનાનગર શેરી નં-૨, ખામધ્રોળ રોડ ઉપર રહેતા મિહીરભાઈ પ્રવિણભાઈ નિમાવત(ઉ.વ.૩૫) કોઈપણ કારણસર ઈન્દ્રેશ્વર જંગલમાં ચેકડેમમાં ડુબી જવાથી તેમનું મૃત્યું થયું છે. ભવનાથ પોલીસે ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.


ૐ નેચર કયોર સેન્ટર
ડો. સી.ડી. ઓઝા
તમામ પ્રકારની નૈસર્ગિક ટ્રીટમેન્ટ ઉપલબ્ધ જેવી કે
- શીરોધારા : માઈગ્રેન, માથાનો દુઃખાવો, તણાવ, ચિંતા, ડીપ્રેશન, અપચો, કબજીયાત, કંપન, વાળ ખરવા, ચામડીના રોગો તથા સ્વસ્થ વ્યકિત માટે
- નસ્ય : સાઈનસ, નાક બંધ થઈ જવું, એલર્જી, ચિંતા
- નેત્ર તર્પણ : આંખનાં નંબર ઉતારવા, આંખમાં બળતરા થવી, આંખ આવવું, આંખોમાંથી પાણી નીકળવું
- જાનુ બસ્તિ : ગોઠણનાં દુઃખાવા
- કટિબસ્તિ : કમરમાં દુઃખાવો, સાઈટીકા, પગમાં ખાલી ચડવી
- મડ બાથ : ચામડીના રોગો ઉપરાંત સ્ટીમ બાથ, અભ્યંગ, ગ્રીવા બસ્તિ, પોટલી મસાજ જેવા ઉપચારો

ઉપર મુજબની તમામ ટ્રીટમેન્ટ રોગોમાં તથા સ્વસ્થ વ્યકિત દ્વારા પણ કરાવી શકાય છે.
દરરોજ સાંજે ૭ થી ૮
નિષ્ણાંત આયુર્વેદ તબીબ દ્વારા મફત નિદાન કરી આપવામાં આવશે
ગીરીરાજ મેઈન રોડ, ક્રિષ્ના પ્રોવીઝન સ્ટોર સામે, નોબલ સ્કુલ પાસે, જૂનાગઢ. મો. ૯૮૯૮૭ ૨૬૦૦૨



ઉધઈથી બચો..
૧૦ વર્ષની ગેરંટી સાથે આપના બંગલા, દુકાન, ટેનામેન્ટ, મકાન, ઓફિસમાં ઈન્જેકશન દ્વારા ઉધઈ ટ્રીટમેન્ટ કરી આપીશું.
સચિનભાઈ
મો. ૯૮૨૫૯ ૭૬૨૫૧



સૌરાષ્ટ્ર ભૂમિ દૈનિકનાં ૪૭માં વર્ષમાં મંગલપ્રવેશ નિમિતે હાર્દિક
એક શુભેચ્છક



હાર્દિક શુભેચ્છા...
ડો. વિપુલ મહેતા
એમ.ડી. (આર્યુ.) આયુર્વેદ નિષ્ણાંત
પેટનાં રોગો, વા, દમ, જેવા હઠીલા રોગોની આયુર્વેદિક ચિકિતસા
શ્રેયસ આયુર્વેદ કલીનીક
૧૨૩-૨૫, ઈન્દ્રલોક આર્કેડ, મહર્ષિ અરવિંદ માર્ગ, તળાવ દરવાજા, જૂનાગઢ
મો. ૯૮૨૫૧ ૨૦૬૨૪
સમય : સવારે ૧૦ થી ૧ - સાંજે ૫ થી ૮



ઓફર...ઓફર... M. 99787 06355 ☎: (૦૨૮૫) ૨૬૨૭૩૬૨
તમારૂ જુનુ TV, LED TV, ફ્રીઝ, વોશીંગ મશીન, ઘરઘંટી દઈને નવું લઈ જાવ.
એકસચેંજ ઓફર
LED TV રૂા. 6500* થી શરૂ
ફ્રીઝ ૯૫૦૦ થી શરૂ
MI-GL
બીના ઈલેકટ્રોનિકસ
Kelvinator
MI-GL, સોની, વર્લપુલ, સેમસંગ, પ્રાઈમવર્લ્ડ.
LED ટીવી, ફ્રીઝ, A/C, વોશીંગ મશીન, ઘરઘંટી, હોમથીએટર, DJ
૦% ફાઈનાન્સ ૦% ડોકયુમેન્ટ ચાર્જ
જે.વી. ચોટાઈ કોમ્પ્લેક્ષ, અન્ડર ગ્રાઉન્ડ, વણઝારી ચોક, જૂનાગઢ.
માણસો જોઈએ છે આકર્ષક પગાર ધોરણે.